**બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા**

**સત્સંગ શિક્ષણ પરીક્ષા**

# ઉકેલપત્ર : સત્સંગ પ્રાજ્ઞ - પ્રથમખંડ

**પ્રશ્નપત્ર - ૨**

**(સમય : બપોરે ૨ થી ૫)** **રવિવાર, ૪ માર્ચ, ૨૦૧૨** **કુલ ગુણ : ૧૦૦**

**અગત્યની સૂચના**

પ્રશ્નપત્રમાં દરેક પેટા પ્રશ્નની જમણી બાજુ દર્શાવેલ ખાનામાં, લખેલા ગુણની પછીના ખાલી ખાનામાં ( ગુણ : ૧ ) પરીક્ષાર્થીને આપેલ ગુણ લખવાના છે. જો પ્રશ્નનો જવાબ ખોટો હોય તો તે ખાનામાં '0' (આંકડામાં શૂન્ય) લખવું. ખરાં (✔) કે ખોટાં (✗) ની નિશાની દરેક પેટા પ્રશ્નની ડાબી બાજુની ખાલી જગ્યામાં જ -પ્રશ્ન શરૂ થાય તે પહેલાંકરવી.

## વિભાગ : ૧ : 'બ્રહ્મવિદ્યાના અમૂલ્ય ગ્રંથો' નવી આવૃત્તિના આધારે

**પ્ર.૧ આપેલા વિકલ્પોમાંથી ફક્ત સાચા વિકલ્પોની આગળ આપેલા ચોરસ ખાનામાં ખરાની (✔) નિશાની કરો. (કુલ ગુણ ૬)**

**નોંધ : એક કે એકથી વધારે વિકલ્પ સાચા હોઈ શકે. તમામ સાચા વિકલ્પ આગળ જ ખરાની નિશાની કરી હશે તો જ પૂર્ણ ગુણ મળશે, અન્યથા એક પણ ગુણ નહીં મળે.**

૧. ૧, ૨ (૮૦)   ૨. ૧, ૪ (૧૪૧)   ૩. ૨, ૩ (૨)

**પ્ર.૨ નીચે આપેલા પ્રશ્નોના એક (સંપૂર્ણ) વાક્યમાં જવાબ લખો. (કુલ ગુણ ૫)**

**નોંધ : અડધા સાચા જવાબનાં ગુણ આપવા નહીં.**

૧. દરેક વચનામૃતની શરૂઆતમાં શ્રીજીમહારાજની મૂર્તિનું વર્ણન શા માટે કરવામાં આવ્યું છે ? (૧૩)

જ. વચનામૃત વાંચનાર કે સાંભળનારનું મન સ્થિર અને એકાગ્ર થાય એવા હેતુથી વસ્ત્રાલંકારે સહિત શ્રીજીમહારાજની દિવ્ય મૂર્તિનું વર્ણન કરવામાં આવ્યું છે.

૨. સાધકે કયા કયા ત્રણ વિચારો સતત કરવા જોઈએ ? (૩૫)

જ. સાધકે ભગવાનની ઉપાસના, આત્માના સ્વરૂપનો અને જગતના નાશવંતપણાનો વિચાર સતત કરવા જોઈએ.

૩. ગ.અં.૨૮માં બ્રહ્માનંદ સ્વામી, શુકમુનિ તથા સુરોખાચર એ ત્રણેયને શ્રીજીમહારાજ કયો પ્રશ્ન પૂછે છે ? (૫૪)

જ. તમે જેણે કરીને પાછા પડી જાઓ એવો તમારામાં કયો અવગુણ છે ?

૪. ગુણાતીતાનંદ સ્વામી અને નિષ્કુળાનંદ સ્વામીએ કેવી રીતે પંચવિષયનાં મૂળ કાપ્યાં છે ? (૮૧)

જ. ગુણાતીતાનંદ સ્વામી વાતો કરીને પંચવિષયનાં મૂળ કાપે છે અને નિષ્કુળાનંદ સ્વામીએ ગ્રંથો રચીને પંચવિષયનાં મૂળ કાપ્યાં છે.

૫. ગુણાતીતાનંદ સ્વામીએ કયા સમર્થ સદ્‌ગુરુઓને શ્રીજીમહારાજનો સર્વોપરી નિશ્ચય કરાવ્યો ? (૧૦૨)

જ. ગુણાતીતાનંદ સ્વામીએ ભાયાત્માનંદ સ્વામી, શુકાનંદ સ્વામી, મુક્તાનંદ સ્વામી, પ્રેમાનંદ સ્વામી જેવા સમર્થ સદ્‌ગુરુઓને પણ શ્રીજીમહારાજનો સર્વોપરી નિશ્ચય કરાવ્યો

**પ્ર.૩ પ્રમાણ પરથી વિષયનું શીર્ષક આપો. (કુલ ગુણ ૫)**

૧. 'द्वे विद्ये वेदितव्ये परा च अपरा च ।' (૩)

**જ. બ્રહ્મવિદ્યાની મહત્તા અને આવશ્યકતા**

૨. 'સમગ્ર શાસ્ત્રોના સાર રૂપે વચનામૃતનો ગ્રંથ આપણને શ્રીજીમહારાજે આપ્યો છે, વચનામૃતમાં સર્વોપરી જ્ઞાન છે.' (૧૮)

**જ. ગુણાતીત ગુરુઓના અભિપ્રાયો**

૩. 'સત્પુરુષની આજ્ઞાને વિશે વર્તે છે તે જ આત્મસત્તા રૂપે વર્તે છે.' (૬૩)

**જ. સૂત્રાત્મક ઉપદેશ**

૪. ‘પ્રગટ ભગવાન વિના કરોડ નિયમ પાળે પણ કલ્યાણ ન થાય, અને પ્રગટ ભગવાન ને આ પ્રગટ સાધુની આજ્ઞાથી એક નિયમ રાખે તો કલ્યાણ થાય.’ (૧૩૦)

**જ. સાધનામાં એકડો**

૫. ‘નિરંતર સર્વ ક્રિયામાં પાછું વળીને જોવું જે, મારે ભગવાન ભજવા છે ને હું શું કરું છું? એમ જોયા કરવું.’ (૧૩૯)

**જ. આંતરિક સાધના માટેની જાગૃતિ**

**પ્ર.૪ નીચે આપેલા વિષયના ફક્ત તમામ મુખ્ય મુદ્દાઓ જ લખો. (કુલ ગુણ ૪)**

**નોંધ : અડધા મુદ્દા સાચા લખ્યા હોય તો ૧ ગુણ આપવો.**

**૧.** શ્રીજીમહારાજઃ બ્રહ્મવિદ્યાના યથાર્થ જ્ઞાતા અને અનુભવી (૨૮, ૨૯, ૩૧, ૩૩, ૩૪, ૩૭, ૩૮)

જ. (૧) તીવ્ર તપસ્યા અને દેહનો અનાદર (૨) ત્યાગનો ઈશક (૩) સેવાની તત્પરતા
(૪) કથાશ્રવણની આસક્તિ (૫) વિચારશીલતા (૬) નિર્વાસનિકતા - નિર્દોષતા
(૭) સમતા - સ્થિપ્રજ્ઞતા (૮) આત્મા - પરમાત્માનો સાક્ષાત્કાર

**૨.** ‘સ્વામીની વાતો’માં શ્રીજીમહારાજના સર્વોપરિપણાની નિષ્ઠા (૧૨૪-૧૨૫)

જ. (૧) શ્રીજીમહારાજને સર્વોપરી સમજવા અનિવાર્ય (૨) શ્રીજીમહારાજ સર્વોપરી સર્વાવતારના અવતારી
(૩) અવતાર - અવતારી વચ્ચે ભેદ

**પ્ર.૫ નીચે આપેલા વિષયો ઉપર મુદ્દાસર નોંધ લખો. (પંદરેક લીટીમાં) (કુલ ગુણ ૧૦)**

**૧. વચનામૃતના ઉદ્‌બોધક શ્રીજીમહારાજનો ત્યાગનો ઈશક (૨૯) અથવા**

જ. મહારાજ પોતાના ત્યાગના ઈશકની વાત કરતાં કહે છે : **કા. ૧૦** - ‘‘જેને જે વાતનો ઈશક હોય ને તે વચ્ચમાં હજારો અંતરાય આવે તોપણ તે અંતરાયનો રોક્યો રોકાય નહિ ત્યારે તેનો સાચો ઈશક જાણવો. જુઓ ને અમે એકવીસ વર્ષ થયાં શ્રીરામાનંદ સ્વામી પાસે આવ્યા છીએ. તેમાં અનંત ભાતનાં વસ્ત્ર તથા અલંકાર તથા ખાનપાનાદિક તેણે કરીને સેવાના કરનારા અનંત ભક્ત મળ્યા છે, પણ અમારું મન કોઈ પદાર્થમાં લોભાણું નથી, શા માટે જે, અમારે ત્યાગનો જ ઈશક છે.’’ **મ. ૩૩** - ‘‘અમારે વગર ઈચ્છે પણ પંચવિષય છે તે જોરાવરીએ પ્રાપ્ત થાય છે તોપણ તેને અમે ઈચ્છતા નથી અને પગે કરીને ઠેલી નાખીએ છીએ.’’ શ્રીજીમહારાજના જીવનમાં આવો ત્યાગનો દૃઢ ઈશક હતો એટલે જ તો સંસારના કોઈ પ્રલોભનમાં લેવાયા સિવાય તેમણે સંસારનો ત્યાગ કર્યો. એમનો ત્યાગ પણ સહજ, સ્વયંસ્ફુરિત, જન્મજાત અને વૈરાગ્યજન્ય હતો. વિષયો ભોગવીને વૃદ્ધાશ્રમને આરે ત્યાગ થઈ શકે, પણ વિષયોના સ્પર્શ વગર આટલી નાની વયે ત્યાગ એ કોઈ બાળપણની રમત નથી. છતાં ઘનશ્યામે(શ્રીજીમહારાજે) ગૃહત્યાગ કરી, કઠિન સાધનાના પંથે પ્રયાણ કરીને ભાવિ પેઢીને એક ઉત્કૃષ્ટ ઉદાહરણ પૂરું પાડેલ છે. વટમાં, વેગમાં કે કેફમાં ઘણી વાર સંસારનો ત્યાગ કરીને નીકળી તો જવાય, પણ તનમાં અને મનનાં અતિશય દુઃખ આવે, વિકટ પરિસ્થિતિ સામે આવીને ઊભી રહે, ઉત્તમ પ્રકારના વિષયોનો યોગ થાય, તો ત્યાગનો રંગ ઊડી જતો હોય છે. ઘનશ્યામના ત્યાગનો રંગ પાકો હતો. ઘનશ્યામ નીલકંઠ નામ ધારણ કરીને ઘેરથી નીકળ્યા. ટાઢ-તડકાની, ભૂખ-તરસની કે જંગલી જાનવરોની બીક વગર વિચરણ કરતાં શ્રીપુર શહેરના એક મઠમાં પધારે છે. મઠના મહંત નીલકંઠને વાર્ષિક એક લાખ રૂપિયાની આવકવાળા આ મઠના મહંત બનાવવાનું પ્રલોભન આપીને અહીં જ રોકાવા વિનંતી કરે છે. ત્યારે નીલકંઠ ઉત્તર આપે છે, ‘‘મઠની, આશ્રમની કે મિલકતની અપેક્ષા હોત તો ઘરનો ત્યાગ શું કરવા કરત ? મારે તો તીર્થોમાં જઈને અનેક જીવોનું કલ્યાણ કરવું છે.’’ તેમના આ ઉત્તરમાં તેમનામાં રહેલી ત્યાગ-વૈરાગ્યની ખુમારી અને અનંત જીવોના કલ્યાણની ભદ્રભાવનાનાં દર્શન થાય છે. નીલકંઠનું ધ્યેય સ્પષ્ટ હતું. એટલે જ સત્તા, સંપત્તિ કે સુંદરીનાં ગમે તેવાં પ્રલોભન કે લાલચમાં લપટાયા નથી. વિચરણ કરતાં કરતાં નીલકંઠ વંશીપુરમાં પધારે છે. વંશીપુરનાં રાજા-રાણી તથા બંને પુત્રીઓ ઈલા-સુશીલા નીલકંઠની સેવામાં તત્પર છે. તેમની મુમુક્ષુતાને લીધે સેવાનો યોગ આપીને ત્યાંથી નીકળવાનો સંકલ્પ કરે છે. રાજા-રાણી વિનંતી કરીને ખૂબ સમજાવે છે, ‘‘આ રાજ્ય અને બંને પુત્રીઓને સ્વીકારો.’’ નીલકંઠ તેમની વિનંતીને ઠુકરાવતાં કહે છે, ‘‘તમારા રાજ્યમાં કે તમારી કુંવરીઓમાં બંધાવા હું નથી આવ્યો, પણ મોહજાળમાંથી મનુષ્યોને છોડાવવા, પ્રકૃતિનાં બંધનો તોડાવવા પ્રગટ થયો છું.’’ આ મુમુક્ષુઓને પોતાનો સંબંધ કરાવીને, સર્વેને ઊંઘતા મૂકીને તેઓ રાતોરાત નીકળી જાય છે, પણ રાજ્યની સત્તા, સંપત્તિ કે સુંદરીમાં લોભાતા નથી. વનવિચરણમાં કેટલી

મુશ્કેલી ભોગવી છે અને હજુ કેટલી ભોગવવી પડશે તે નીલકંઠ સારી પેઠે જાણે છે. જો તેમનામાં જ્ઞાનાંશનો તીવ્ર વૈરાગ્ય ન હોત, તો અનંત કષ્ટો કે મુશ્કેલી સહન કરવાને બદલે આ રાજ્યના ભોગવિલાસમાં અટવાઈ ગયા હોત. વનવિચરણનાં સાત વર્ષ દરમ્યાન કેટલાય મઠાધિપતિઓની મઠાધિપતિ બનાવવાની દરખાસ્તને ઠેલી, સિરપુરના સિદ્ધવલ્લભ રાજા કે નેપાળમાં બુટોલનગરના મહાદત્ત રાજા જેવા અનેક રાજવીઓના પ્રેમપૂર્વક કરાયેલા સર્વસ્વ સમર્પણનાં બંધનોને તોડીને નીલકંઠ પોતાના ધ્યેયને વળગી રહ્યાં છે. ગુજરાતમાં આવીને ધર્મધુરા સંભાળ્યા પછી પણ ધર્મપુરનાં પ્રેમી ભક્તરાજ કુશળકુંવરબાએ પોતાનું પાંચસો ગામનું રાજ્ય શ્રીજીમહારાજનાં ચરણોમાં ધર્યું, પરંતુ તેમને લોકો પર શાસન નહિ પણ લોકોનાં હૃદયનું પરિવર્તન કરીને આત્મા-પરમાત્માનો સાક્ષાત્કાર કરાવવો હતો. તેમાં તેમને રાજ્યની ક્યાં જરૂર હતી ? શ્રીજીમહારાજે ઉચ્ચારેલાં ઉપરોક્ત વચનો અને તેમના કેટલાક જીવન પ્રસંગો પરથી તેમનામાં ત્યાગનો ઈશક કેવો અને કેટલો હતો તેની પ્રતીતિ થાય છે.

**૨. વચનામૃતની વિલક્ષણ વિશેષતાઓ - મૌલિક અર્થઘટનો અને વ્યાખ્યાઓ (૬૧)**

જ. **મૌલિક અર્થઘટનો :** શ્રીજીમહારાજે પોતાની સર્વજ્ઞતા અને અનુભૂતિના આધારે શાસ્ત્રોના ગૂઢ શબ્દોના રહસ્યાર્થને પોતાની આગવી રીતે મૌલિક અર્થઘટન કરી સચોટ રીતે મૂલવ્યા છે. એવી જ રીતે શાસ્ત્રોનાં મૂળ બીજ રૂપે, સૂક્ષ્મ રૂપે રહેલાં અસ્પષ્ટ રહસ્યો વધુ વ્યાવહારિક બને, વિશેષ જીવનપયોગી બને, તેવી રીતે એમને સ્પષ્ટતાપૂર્વક વિશદ કરીને સમજાવેલા છે. શાસ્ત્રોની અનેક વાતોને તેમણે મૌલિક અર્થઘટનો કરીને જે રીતે સમજાવેલી છે, તે સર્વગ્રાહી દૃષ્ટિકોણથી વિચારતાં વિશેષ પ્રતીતિકર લાગે છે. અહીં એક સંદર્ભ વિચારીએ. 'ધર્મ'ની વ્યાખ્યા અનેક દાર્શનિકોએ, આચાર્યોએ અને ધર્મગુરુઓએ જુદી જુદી રીતે આપી છે. 'સદાચાર એ જ ધર્મ' આ ભાવાર્થની વ્યાખ્યા મહારાજને પણ માન્ય છે. તેમ છતાં તેમણે 'ધર્મ' શબ્દની એક વિશિષ્ટ વ્યાખ્યા **વચ.મ. ૯**માં સમજાવી છે. તેઓ કહે છે, ''માટે બુદ્ધિમાનને તો ભગવત્સ્વરૂપનું બળ અતિશય રાખ્યું જોઈએ. એ બળ જો લેશમાત્ર પણ હોય તો મોટા ભયથી રક્ષા કરે. તે પણ શ્રીકૃષ્ણ ભગવાને કહ્યું છે જે - 'स्वल्पमप्यस्य धर्मस्य त्रायते महतो भयात् ।' એ શ્લોકનો એ અર્થ છે જે 'ભગવત્સ્વરૂપના બળનો લેશમાત્ર હોય તે પણ મોટા ભય થકી રક્ષાને કરે છે.' અહીં મહારાજ સ્વધર્મ શબ્દનો અર્થ ભગવાનના સ્વરૂપનું બળ એવો કરે છે. ગીતાના ઉપરોક્ત શ્લોકની વ્યાખ્યા કરનારા બધા જ આચાર્યોએ બહુધા 'કર્મયોગરૂપી સ્વધર્મ' એવો અર્થ કર્યો છે. હવે સદાચારરૂપી કે કર્મયોગરૂપી સ્વધર્મ પોતે જ વિપરીત સંજોગોમાં ટકી શકતો નથી, તો પછી તે આપણી રક્ષા ક્યાંથી કરી શકે ? પણ ધર્મના ધારક, ધર્મના આધાર એવા ભગવાનનું બળ જ કોઈ પણ સંજોગોમાં રક્ષા કરી શકે છે. તેથી શ્રીજીમહારાજે 'સ્વધર્મ' શબ્દનો કરેલો અર્થ સવિશેષ સાર્થક અને યોગ્ય લાગે. **મૌલિક વ્યાખ્યાઓ :** મહારાજે પોતાના ઉપદેશમાં માયા, મોહ, પ્રીતિ, ત્યાગ, મોટપ, ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ, એકાંતિક ભક્ત, ખરો ભક્ત, પૂરો ભક્ત, પાકો ભક્ત, યથાર્થ ભક્ત, દૃઢ ભક્ત, સાધુ, સંત, સંપૂર્ણ સત્સંગ, અડગ નિશ્ચય, પરિપકવ નિશ્ચય, દૃઢ નિશ્ચય, માહાત્મ્યજ્ઞાને સહિત નિશ્ચય, આશ્રય, ઉપાસના, મનુષ્યભાવ, દિવ્યભાવ, ઈર્ષ્યા, દોષ, દ્રોહ વગેરે અનેકાનેક શબ્દોની ખૂબ જ ટૂંકમાં છતાં સચોટ અને મૌલિક વ્યાખ્યાઓ આપી છે. નમૂનારૂપે કેટલાક શબ્દોની વ્યાખ્યા વાંચીએ. **પ્રીતિ :** જેને ભગવાનને વિશે પ્રીતિ હોય તે ભગવાનની આજ્ઞા કોઈ કાળે લોપે નહિ, જેમ ભગવાનનું ગમતું હોય તેમ જ રહે એ પ્રીતિનું લક્ષણ છે. (વચ.કા. ૧૧) **માયા :** દેહને વિશે અહંબુદ્ધિ ને દેહ સંબંધી પદાર્થને વિષે મમત્વબુદ્ધિ એ જ માયા છે. (વચ.અં. ૩૯) **મોહ :** પોતાના અવગુણ ન સૂઝે એ જ મોહનું રૂપ છે. (વચ.મ. ૫૩) **ત્યાગી :** ત્યાગી તો તે ખરો જે, જેણે સંસાર મૂક્યો ને પાછી સંસારની વાસના રહે જ નહિ. (વચ.પ્ર.૧૪) **મોટપ :** માનને તજીને જે ભગવાનને ભજે તેને તો સર્વે હરિભક્તમાં અતિશય મોટો જાણવો. (વચ.મ. ૪૧) સમગ્ર શાસ્ત્રોનો વિશાળ દરિયો ખૂંદી વળીએ, છતાં પણ ન મળી શકે એવી આ મહારાજની મૌલિક વ્યાખ્યાઓ તો આધ્યાત્મિક મૌક્તિકો અને રત્નો છે. તેના દ્વારા સાધક પોતાના જીવનને આંતરવૈભવથી સમૃદ્ધ બનાવી શકે છે. કોઈ પણ સાધક આવી સર્વોપયોગી વ્યાખ્યાઓ અને સમજણને પોતાની નજર સમક્ષ રાખીને, તદનુસાર પોતાના જીવનમાં નિરીક્ષણ અને પરીક્ષણ દ્વારા પોતાની સાધનામાં આવશ્યક સુધારા કરીને, પોતે ઉચ્ચતમ ધ્યેયને હાંસલ કરી શકે છે.

**૩. સ્વામીની વાતોની મહત્તા વિશે સ્વામીએ ઉચ્ચારેલાં વચનો (૭૭) અથવા**

**નોંધ : દરેક મુદ્દાને સમજાવતાં ઓછામાં ઓછી બે વાતોનો ઉલ્લેખ હોવો ઈચ્છનીય છે.**

જ. ખાખરાની ખિસકોલીને આંબાની કેરીના રસની શી ખબર પડે ? એમ ત્રણ ગુણોથી ખરડાયેલા જીવોને

ગુણાતીતની ગુણાતીત વાતોની મહત્તા ક્યાંથી સમજાય ? આપણને તો બીજાએ કરેલી વાતો જેવી જ આ વાતો લાગે, પરંતુ માયિક જીવોની વાતોમાં અહં-મમત્વ, રાગ-દ્વેષ કે ઈર્ષ્યા-અસૂયાની ગંધ હોઈ શકે. માયાથી પર એવા બ્રહ્મ-પરબ્રહ્મની વાતોમાં આવી કોઈ માયિક ગંધ હોતી નથી. એટલે એ વાતો જીવ સોંસરી નીકળી જાય, જીવનો માયિક કચરો સાફ કરી નાખે, અનંત સંશયોને છેદી નાખે, જીવને વળગેલો જન્મ-મરણનો રોગ ટાળી નાખે, એને નિર્વાસનિક અને બ્રહ્મરૂપ કરી મૂકે. આવી અદ્‌ભૂત વાતોનો મહિમા તો ગુણાતીતાનંદ સ્વામી પોતે કહે તો જ એમાં આપણી કંઈક દૃષ્ટિ પહોંચે. તેથી તેઓ નિખાલસભાવે પોતે કરેલી વાતોની મહત્તા અને વિશેષતા ક્યારેક ક્યારેક કહેતા. એમાંથી કેટલીક વાતો અહીં વિચારીએ.

**વાતોની મહત્તા : ૧.** ''આ તો પુરુષોત્તમનાં વચન છે ને ગુણાતીત વાતું છે.'' (સ્વા.વા.૧/૧૩૧) **૨.** ''આ તે કાંઈ વાતું છે ! આ તો અમૃત છે.'' (સ્વા.વા.૬/૨૨૧) **૩.** આ તો અક્ષરધામની વાતું છે, ભગવાનની છે, નારાયણની છે.'' (સ્વા.વા.૪/૩૫)

**વાતોનું સામર્થ્ય :** અક્ષરધામની અમૃતરૂપ વાતોનું સામર્થ્ય જણાવીને એનાથી પ્રાપ્ત થતા લાભ અને ફળની વાત કરતાં સ્વામી કહે છે : **૧.** ''આ વાતુંમાંથી તો બ્રહ્મરૂપ થવાશે, ને બાળ, જોબન ને વૃદ્ધ એ ત્રણ પ્રકારની સ્ત્રીયું, ને કચરો ને કંચન એ સર્વે સરખું થઈ જાશે, ને કાંઈ દીઠું નહિ ગમે એવું થાશે. ત્યારે કહેશો જે, વાતું સાંભળીએ છીએ ને કેમ થાતું નથી ? તે તો આજ આંબો વાવે ને કાલે કેરી કેમ થાય ? પણ એ જ આંબો દસ વરસનો થાય ત્યારે એમાંથી કેરિયું થાય છે. એમ થાવાનું છે.'' (સ્વા.વા.૧/૩૩) **૨.** ''આ વાતું તો અનંત સંશયને છેદી નાખે એવી પુરુષોત્તમ ભગવાનની છે.'' (સ્વા.વા.૧/૨૩૧) **૩.** ''આ વાતું ફરીને જન્મ થાવા દે તેવી નથી.'' (સ્વા.વા.૪/૫૩) **૪.** ''આ વાતું તો જેના ભૂંડા આશય હશે તેને દબાવી દઈને પણ ઉપર નીકળે એવી છે.'' (સ્વા.વા.૧/૩૦૨) **૫.** ''આ વાતું તો જાદુ છે તે સાંભળે તો ગાંડો થાય. તે ગાંડો તે શું ? જે જગત ખોટું થઈ જાય, પછી તેને ડાહ્યો કોણ કહે ?'' (સ્વા.વા.૧/૧૩૬)

**કરોડો સાધનો કરતાં આ વાતો અધિક :** ગુણાતીતાનંદ સ્વામી, પોતાની આ વાતો તો બીજાં કરોડો સાધનો કરતાં પણ અધિક છે તેવું સમજાવતાં કહે છે : **૧.** ''કોટિ સાધન કરે પણ આમ વાતું કરવી અને સાંભળવી તેની બરોબર થાય નહિ.'' (સ્વા.વા.૧/૨૨૬) **૨.** ''કરોડ જન્મ તપ કરીએ તોપણ આટલી વાતુંના જેટલો સમાસ ન થાય, જો વિચાર હોય તો.'' (સ્વા.વા.૬/૧૯૮) **૩.** ''આ વાત તો કરોડ ધ્યાન કરતાં અધિક છે.'' (સ્વા.વા.૩/૬૭) **૪.** ''સુકાઈ જાઓ, અન્ન મૂકી દિયો, વનમાં જાઓ કે ઘર મૂકી દિયો, તે કરતાં પણ આ સાધુની વાતું સાંભળવી તે અધિક છે.'' (સ્વા.વા.૧/૧૩૧)

**વાતોની દુર્લભતા :** કરોડો સાધનો કરતાં પણ અધિક અને જાદુ જેવી આ ગુણાતીત વાતો દુર્લભ છે, એવું સ્વામી પોતે જ કહે છે : **૧.** ''આ વાતું દુર્લભ છે.'' (સ્વા.વા.૬/૨૪૭) **૨.** કરોડ રૂપિયા દેતાં પણ આ વાતું મળે નહિ.'' (સ્વા.વા.૧/૧૯) **૩.** આવી વાતું બીજે ક્યાંય નથી.'' (સ્વા.વા.૪/૩૫) **૪.** ''આવી વાતું ક્યાંય થાતી નથી.'' (સ્વા.વા.૫/૧૫૫) **૫.** ''આ વાતું તો કોઈને મળી નથી.'' (સ્વા.વા.૬/૧૯૩) **૬.** ''આ વાતું સારું તો પછી રોશો.'' (સ્વા.વા.૬/૨૩૦)

**દુર્લભ વાતોના કરનારા પણ દુર્લભ :** આવી દુર્લભ અને ગુણાતીત વાતો કરનારા પણ દુર્લભ છે એવું સ્વામી પોતે જ કહે છે : **૧.** ''આ વાતુંના કરનારા દુર્લભ છે.'' (સ્વા.વા.૧/૨૪૬) **૨.** બ્રહ્માંડમાં આવા સાધુ ખોળી લાવો, ક્યાં મળશે ? ને આમ બેસારી બેસારીને વાતું કોણ કરશે ?'' (સ્વા.વા.૬/૨૧૮) **૩.** ''આવી વાત કોણ કરે ? કોઈ કરશે તો સુધી જન્મમરણની કરશે. ને આ તો મનના ને ઇન્દ્રિયુંના દોષ કહેવા તે એ કેને એની ખબર હોય ?'' (સ્વા.વા.૬/૧૮૯) **૪.** ''આ સમે એક વાત થાય છે તેવી વાત બીજા જન્માંતરમાં પણ કરી શકે નહિ, ને તે કરતાં પણ આવડે નહિ, ને જન્મારો અભ્યાસ કરે તોપણ એવી વાત શિખાય નહિ.'' (સ્વા.વા.૧/૨૧૯) **૫.** ''બીજાથી તો આટલી પ્રવૃત્તિમાં વાતું થાય નહિ.'' (સ્વા.વા.૧/૨૨૬)

**આ વાતો સાંભળવાનું મૂલ્ય :** આવી અલૌકિક અને દુર્લભ વાતો કેટલું મૂલ્ય ચૂકવીને પણ સાંભળવી જોઈએ, તે સમજાવતાં સ્વામી કહે છે : **૧.** ''સોનાની મેડી હોય તો બાળીને આ વાત સાંભળીએ.'' (સ્વા.વા. ૬/૨૪૭) **૨.** સોનાનાં ખોરડાં બાળીને આ વાતું સાંભળવી.'' (સ્વા.વા.૬/૨૪૮) **૩.** રોટલા ખાવા મળે છે, પણ કદાચ તે ન મળે તો રાંધેલું અન્ન માગી ખાઈને પણ આ સાધુનો સમાગમ કરીએ, નીકર કાચા દાણા ખાઈને પણ સમાગમ કરીએ, નીકર ઉપવાસ કરીને પણ સમાગમ કરીએ અથવા લીંબડો ખાઈને, નહિ તો વાયુ ભરખીને પણ આ સમાગમ કર્યા જેવો છે.'' (સ્વા.વા.૨/૪૪) ઉપરોક્ત સર્વે વાતોમાં ગુણાતીતના મુખે ગુણાતીત વાતોનો ગવાયેલો મહિમા છે. આ વાતો વાંચતાં પ્રતીતિ થાય છે કે અક્ષરધામ સુધી પહોંચવાનાં પગથિયાં જેવી

આ બધી વાતો ખરેખર અક્ષરધામની વાતો છે. અક્ષરધામનું જ દિવ્યામૃત છે. જેમણે જેમણે આ વાતો સાંભળી છે કે વાંચી છે, તેમનો પણ આ જ અનુભવ છે.

**૪. ગુણાતીતાનંદ સ્વામી - માન-અપમાનમાં એકતા (૯૨)**

જ. અપમાનમાં બળે નહિ અને સન્માનમાં ચળે નહિ એનું નામ સાધુ. ગુણાતીતાનંદ સ્વામીના જીવનમાં આ ગુણ પણ ખૂબ જ સહજ હતો. એમનું સન્માન પણ ભવ્યાતિભવ્ય થયું છે, અને સાથે સાથે ભયંકરમાં ભયંકર અપમાન પણ થયું છે, પરંતુ સ્વામીએ એ બંનેમાં સમતા, સ્થિરતા અને એકતા કેળવી હતી. વસ્તુતઃ તો તેઓ ક્યારેય માન-સન્માનથી ફુલાયા નથી, કે અપમાન, ઉપેક્ષા અને તિરસ્કારથી કરમાયા નથી. એ બંને પરિસ્થિતિમાં તેમની સ્થિતપ્રજ્ઞતાનાં દર્શન થાય છે. શ્રીજીમહારાજના વખતથી જ સંપ્રદાયમાં ગુણાતીતાનંદ સ્વામીનું માન-સન્માન થયું હતું. ખુદ મહારાજે એમની અનેક વાર અક્ષરબ્રહ્મ તરીકે ઓળખાણ કરાવીને એમનો અદ્વિતીય મહિમા કહ્યો છે. જૂનાગઢ મંદિરના મહંત બનાવ્યા એ પણ એક બહુ જ મોટું સન્માન હતું. શ્રીજીમહારાજ ઉપરાંત ગોપાળાનંદ સ્વામી, મુક્તાનંદ સ્વામી, શુકાનંદ સ્વામી, નિત્યાનંદ સ્વામી, કૃપાનંદ સ્વામી, ભાયાત્માનંદ સ્વામી જેવા સંપ્રદાયના સ્તંભ જેવા મોટેરા સંતો પણ સ્વામીની મુક્તકંઠે પ્રશંસા કરતા. શ્રીજીમહારાજની આજ્ઞાથી સંપ્રદાયના આવા અડીખમ સંતો તથા મોટા મોટા હરિભક્તો પણ ગુણાતીતાનંદ સ્વામીનો સમાગમ કરવા જૂનાગઢ જતા અને એમની વાતો સાંભળતા. જૂનાગઢના નવાબ, માણાવદરના કે ખંભાતના નવાબ પણ સ્વામીશ્રીનું સન્માન કરતા. જૂનાગઢથી વરતાલ જતાં-આવતાં વચ્ચેનાં સેંકડો ગામોમાં સ્વામીનું સન્માન થતું. વરતાલથી સંતો-ભક્તો મહેળાવ સુધી આવીને સ્વામીનું સન્માન કરતા અને દબદબાભર્યા સ્વાગત સાથે વરતાલમાં પધરાવતા. સોરઠમાં ગામડે ગામડે સ્વામીનું સન્માન થતું જોઈને, સ્વામી પ્રત્યે સૌનો સમર્પણભાવ જોઈને ખુદ આચાર્ય મહારાજ તથા નિત્યાનંદ સ્વામી તથા શુકાનંદ સ્વામી આદિક આશ્ચર્યચકિત થઈ ગયા હતા. બોચાસણ, વરતાલ તથા અમદાવાદમાં હાથીની અંબાડી પર બેસાડીને સ્વામીનું ભવ્ય સન્માન થયું હતું. ખુદ આચાર્ય રઘુવીરજી મહારાજ, આચાર્ય ભગવત્પ્રસાદજી મહારાજ, આચાર્ય અયોધ્યાપ્રસાદજી મહારાજ પણ ગુણાતીતાનંદ સ્વામી પ્રત્યે સન્માન, આદર અને પૂજ્યભાવની દૃષ્ટિ રાખતા, એમની વાતો સાંભળતા. આમ, આખા સંપ્રદાયમાં ગુણાતીતાનંદ સ્વામીનો પ્રભાવ અને સદ્‌ભાવ જબરદસ્ત હતો. આટઆટલા સન્માનમાં પણ ગુણાતીતાનંદ સ્વામી અહંશૂન્ય અને નમ્ર જ રહ્યા છે. ગુણાતીતાનંદ સ્વામીના આવા સન્માનની સાથે સાથે એમનું અપમાન પણ ખૂબ જ થયું છે. સંપ્રદાયેતર લોકો તથા સંપ્રદાયની અંદર રહેલા પણ અહં-મમત્વ, રાગ-દ્વેષ કે ઈર્ષ્યા-અસૂયાથી ખરડાયેલા ત્યાગીઓ કે ગૃહસ્થોએ સ્વામીનું અપમાન કરવામાં કંઈ બાકી રાખ્યું નથી. (૧) જ્યારે ગુણાતીતાનંદ સ્વામી કૃપાનંદ સ્વામી સાથે જૂના સાવર ગામે આવ્યા, ત્યારે ત્યાંના ઊગા ખુમાણે માર મરાવીને, અપમાન કરીને, સૌ સંતોને ગામ બહાર કાઢી મૂક્યા. એ વખતે સ્વામીએ સ્થિરતા અને સમતાથી આ અપમાન સહન કરીને પણ ઊગા ખુમાણને ત્યાં પુત્રનો જન્મ થાય એવી પ્રાર્થના કરી હતી. (૨) વરતાલની ભરસભામાં બે બે વખત સ્વામીનું ભયંકર અપમાન થયું. આ અપમાનના અનુસંધાનમાં સ્વામીશ્રી બોલેલા કે જેમ છોંતેરાનો મેહ વરસે તેમ શબ્દના કરા પડ્યા. આવા અપમાનમાં પણ સ્વામી તો સ્થિર જ રહ્યા. એમના મનમાં કે ચિત્તમાં લેશમાત્ર ક્ષોભનો એક તરંગ પણ ન ઊઠ્યો કે એમના મુખારવિંદની એક રેખા પણ ન બદલાઈ. આ અપમાન પછી તુરત જ આ અપમાનમાં નિમિત્ત બનનારાઓમાંના એક સાધુ હરિસ્વરૂપદાસને હાર પહેરાવ્યો. આગળ જતાં અદ્‌ભુતાનંદ સ્વામી, શુકાનંદ સ્વામી, પવિત્રાનંદ સ્વામી વગેરે સંતોએ સ્વામીનું પૂજન કર્યું, ધોતિયાં ઓઢાડ્યાં, સાકરનો પડિયો ભેટ મૂક્યો, પછી સર્વે સદ્‌ગુરુઓએ હાથ જોડી પ્રાર્થના કરી, 'સ્વામી અમારું બોલ્યું માફ કરજો.' સ્વામી કેવળ હસ્યા, જાણે કે કંઈ જ બન્યું નથી. ખરેખર સ્વામીના જીવનમાં સ્થિતપ્રજ્ઞતાની ઉચ્ચતમ ભૂમિકાનાં દર્શન થાય છે.

**પ્ર.૬ નીચે આપેલા વિષયમાંથી કોઈ પણ એક વિષય ઉપર વિસ્તૃત નોંધ લખો.**
**(પચીસથી ત્રીસ લીટીમાં) (કુલ ગુણ ૧૦)**

**૧. વચનામૃતમાં સર્વે શાસ્ત્રોનાં સાર-રહસ્ય-સિદ્ધાંતની વાતો. (૧૫)**

જ. આપણે જાણીએ છીએ કે હિન્દુ ધર્મમાં બ્રહ્મવિદ્યાના અનેકાનેક આધ્યાત્મિક ગ્રંથો છે. પ્રાચીન, મધ્યકાલીન અને અર્વાચીન આવા ગ્રંથોની સંખ્યા અપાર છે. ભારતના વિવિધ પ્રાંતની વિવિધ ભાષામાં ગદ્ય કે પદ્ય શૈલીમાં આજ સુધી અધ્યાત્મ વિશે ખૂબ ખૂબ લખાયું છે. એમ કહી શકાય કે અહીં તો આવા ધાર્મિક કે આધ્યાત્મિક ગ્રંથોનો મહાસમુદ્ર છે. ચાર વેદોની એક લાખ શ્રુતિઓ છે, અઢાર પુરાણોના લગભગ સાડા ચાર લાખ શ્લોકો છે. મહાભારતના એક લાખ શ્લોકો છે. આ ઉપરાંત વિવિધ રામાયણો, ઉપપુરાણો, ઉપવેદો, સ્મૃતિગ્રંથો, ધર્મગ્રંથો,

દાર્શનિક ગ્રંથો અને આ સર્વે ગ્રંથો પર લખાયેલાં ભાષ્યો, ટીકાઓ, વૃત્તિઓ અને વ્યાખ્યાઓનો કેટલો મોટો સરવાળો થાય ? આ બધું વાંચવાનો અને સમજવાનો અને એમાંથી સારતત્ત્વ શોધી કાઢવાનો આજ કોને સમય છે ? કદાચ કોઈકને સમય હોય, તોપણ આ શાસ્ત્રોને સમજવાની અને એના રહસ્યાર્થોને પામવાની ક્ષમતા કે યોગ્યતા કેટલાની છે ? લાખોમાં લાધે નહિ અને કરોડમાં કોઈક વિરલો એ શાસ્ત્રોના મહાસમુદ્રમાં ડૂબકી મારીને કંઈક સારતત્ત્વ રૂપે રત્ન મેળવી શકે. સામાન્ય જનોની એ શક્તિ જ નથી. એના ગજા બહારનું એ કાર્ય છે. શાસ્ત્રોના શબ્દોના ખરા માલમી અને અનુભવી પુરુષના માધ્યમથી જ શાસ્ત્રોમાંથી જીવને સન્માર્ગ સાંપડે છે. રણના રેતાળ વિશાળ ઢગલામાં ૧૦૦ ગ્રામ ખાંડ પડેલી હોય તો તે કણેકણ કીડી મેળવી શકે, પણ આપણા જેવાનું કામ નહિ, તેમ વિશાળ કદનાં સેંકડો શાસ્ત્રોમાં રહેલા કરોડો શબ્દોમાંથી આપણા જીવને ઉપયોગી શબ્દ શોધવાનું આપણા માટે મુશ્કેલ છે. કેવળ વાંચવા, સાંભળવા, યાદ રાખવા કે બોલવા માત્રથી શાસ્ત્રોનું રહસ્ય ન પામી શકાય, કારણ કે શાસ્ત્રોને વાંચવા, ભણવા, યાદ રાખવા અને સમજવા કરતાંય શાસ્ત્રોનાં સિદ્ધાંત, હૃદ્‌ગત અભિપ્રાય અને રહસ્યને ગ્રહણ કરવાં એ અતિ કપરું કામ છે. મહાભારતના વનપર્વમાં કહ્યું છે. ‘धर्मस्य तत्त्वं निहितं गुहायाम् .....’ અર્થાત્ ધર્મનું તત્ત્વ ગુફામાં છુપાયેલું છે. તેથી શાસ્ત્રોનું સારતત્ત્વ શોધવું તે અમાસની રાત્રે ઊંડી અંધારી ગુફામાંથી કાળી વસ્તુ શોધી લાવવા જેવું કઠણ કામ છે. શ્રીજીમહારાજના સમયમાં દીનાનાથ ભટ્ટ નામના એક વિદ્વાન બ્રાહ્મણ હતા. શ્રીમદ્‌ભાગવતના ૧૮,૦૦૦ શ્લોક કંઠસ્થ હતા. એક વખત મહારાજે તેમને પૂછ્યું, ભટ્ટજી તમને ૧૮,૦૦૦ શ્લોક કંઠસ્થ છે, તો તેમાંથી મોક્ષનો શ્લોક કયો છે ? તેમણે કહ્યું, ‘‘મહારાજ, આપ કહો તો ૧૮,૦૦૦ શ્લોક મોઢે બોલી જાઉં, પણ તેમાંથી મોક્ષનો શ્લોક કયો છે તેની ખબર નથી. મહારાજે કહ્યું, ‘તૃતીય સ્કંધમાં આવે છે.’’ તેમણે કહ્યું મહારાજ ! તૃતીય સ્કંધમાં ઘણા અધ્યાયો અને સેંકડો શ્લોકો આવે છે. તેમાંથી મોક્ષનો શ્લોક કેવી રીતે શોધવો ? મહારાજે કહ્યું, તૃતીય સ્કંધના ૨૫મા અધ્યાયમાં આવે છે. તોપણ દીનાનાથ ભટ્ટને મોક્ષનો શ્લોક મળ્યો નહિ. પછી મહારાજે પોતે જ તૃતીય સ્કંધના ૨૫મા અધ્યાયનો ૨૦મો શ્લોક બોલીને કહ્યું, ‘આ મોક્ષનો શ્લોક છે કે જે, કપિલદેવ ભગવાને પોતાની માતા દેવહૂતિને કહ્યો છે : ‘प्रसंगमजरं पाशमात्मनः कवयो विदुः। स एव साधुषु कृतो मोक्षद्वारमपावृतम् ॥ (ભાગવત : ૩ ૨૫/૨૦) અર્થ : વિદ્વાનો આસક્તિ-સંગને આત્માનું અછેદ્ય બંધન માને છે. જો તે જ આસક્તિ સાધુઓમાં કરેલી હોય તો મોક્ષનું દ્વાર ઉઘાડું થઈ જાય છે. આ શ્લોક સાંભળીને દીનાનાથ ભટ્ટ બોલ્યા, ‘‘મહારાજ ! મેં ૧૮,૦૦૦ શ્લોકનો પાઠ કેટલીય વાર કર્યો છે, શ્રીમદ્‌ભાગવતની કથા પણ અનેકવાર કરી છે, પણ મારા મોક્ષના શ્લોકની મને ખબર ન હતી, તે આપે કૃપા કરીને બતાવ્યો.’’ ત્યારે મહારાજ બોલ્યા, ‘‘શાસ્ત્રોના માલમી, અનુભવી વગર શાસ્ત્રોનાં સાર, સિદ્ધાંત, રહસ્ય, અભિપ્રાયને ફક્ત લૌકિક સ્થૂળ બુદ્ધિથી સમજી કે પામી ન શકાય.’’ રહસ્યની વ્યાખ્યા કરતાં મહારાજ વચ.મ. ૩૯માં કહે છે, ‘ગમે તેવો શાસ્ત્રી હોય, પુરાણી હોય, અતિશય બુદ્ધિવાળો હોય, તે પણ સાંભળીને તે વાતોને નિશ્ચય સત્ય માને ને હા પાડે, પણ તેને કોઈ રીતે સંશય ન રહે જે, ‘એ વાર્તા એમ નહિ હોય.’ એવી રીતે જે કહી દેખાડવું તેનું નામ રહસ્ય કહેવાય.’ સર્વે શાસ્ત્રોમાંથી આવું ‘રહસ્ય’ કાઢી આપવું, કહી દેખાડવું તે ઘણું કઠણ છે. મહારાજે વચનામૃતમાં જે કંઈ વાતો કરી છે તે સર્વે શાસ્ત્રોના સાર-સિદ્ધાંત રહસ્યરૂપ છે. એમણે ખૂબ જ નાની વયે હિંદુ ધર્મના વેદો, પુરાણગ્રંથો, રામાયણ, મહાભારત, સ્મૃતિગ્રંથો અને ષડ્‌દર્શનના તાત્ત્વિક ગ્રંથોનો ખૂબ ઊંડાણથી અભ્યાસ કર્યો હતો. તેઓ આ સર્વે સત્શાસ્ત્રોનાં સારતત્ત્વ, રહસ્યાર્થ અને યથાર્થ સિદ્ધાંતને પામી શક્યા હતા. એટલે જ તો તેમણે ફક્ત ૧૦ વર્ષની વયે કાશીમાં યોજાયેલી વિદ્વાનોની સભામાં યોજાયેલા શાસ્ત્રાર્થમાં પ્રકાંડ પંડિતો અને પ્રખર વિદ્વાનોને હરાવીને જ્વલંત વિજય પ્રાપ્ત કર્યો હતો. સમગ્ર જીવનભર શાસ્ત્રોના અભ્યાસમાં ગળાડૂબ વયોવૃદ્ધ અને જ્ઞાનવૃદ્ધ દિગ્ગજ વિદ્વાનો આ નાના બાળકના શાસ્ત્રોક્ત જ્ઞાન સામે ઝૂકી ગયા હતા. સૌને આશ્ચર્ય તો એ હતું કે આટલી નાની વયે શાસ્ત્રોનો આટલો તલસ્પર્શી ઊંડાણભર્યો અભ્યાસ !! સ્વામિનારાયણ સંપ્રદાયની સ્થાપના કર્યા પછી પણ તેઓ અવારનવાર સર્વે સત્‌શાસ્ત્રોનું વાંચન કરતા, અને સંતો-ભક્તો પાસે વાંચન કરાવીને સાથે સાથે તે શાસ્ત્રોમાંથી રહસ્યરૂપ, પરમસિદ્ધાંતરૂપ અને સારભૂત વાતો કરતા. તેમનું શાસ્ત્રોના અભ્યાસનું ઊંડાણ તો સમુદ્ર જેટલું હતું જ, પરંતુ તેનો વ્યાપ પણ સમુદ્ર જેટલો જ હતો, તેની પ્રતીતિ નીચેના સંદર્ભોથી થયા વગર રહેતી નથી.

**મ. ૧** - ‘‘વેદ, શાસ્ત્ર, પુરાણ, ઈતિહાસ એ સર્વે ગ્રંથનો એ જ ગલિતાર્થ છે.... આ જે અમે વાત કરી છે તે સર્વે શાસ્ત્રોનું રહસ્ય છે.’’ **મ. ૮** - ‘‘ચાર વેદ, સાંખ્યશાસ્ત્ર, યોગશાસ્ત્ર, ધર્મશાસ્ત્ર, અઢાર પુરાણ, ભારત,

રામાયણ અને નારદપંચરાત્ર એ આદિક સર્વે શાસ્ત્રોનો એ જ સિદ્ધાંત છે.'' **મ. ૨૧** - ''જેટલા કલ્યાણને અર્થે વ્યાસજીએ ગ્રંથ કર્યા છે તે સર્વે સુરત રાખીને અમે સાંભળ્યા. તે સર્વે શાસ્ત્રમાં એ જ સિદ્ધાંત છે અને જીવના કલ્યાણને અર્થે પણ એટલી જ વાત છે જે, આ સર્વે જગત છે તેના કર્તા તો એક ભગવાન છે.'' **મ. ૨૮** - ''આ વાર્તા જે અમે કરી છે તે કેવી છે, તો વેદ, શાસ્ત્ર, પુરાણ આદિક જે જે કલ્યાણને અર્થે પૃથ્વીને વિશે શબ્દમાત્ર છે, તે સર્વેનું અમે શ્રવણ કરીને તેનું સાર કાઢીને આ વાર્તા કરી છે. તે પરમ રહસ્ય છે ને સારનું પણ સાર છે.'' **અં. ૧૦** - ''વેદ, પુરાણ, ઈતિહાસ અને સ્મૃતિ એ સર્વે શાસ્ત્રમાંથી અમે એ સિદ્ધાંત કર્યો છે જે, જીવ, માયા, ઈશ્વર, બ્રહ્મ અને પરમેશ્વર એ સર્વે અનાદિ છે.'' વચનામૃતોના ઉપરોક્ત સંદર્ભોને વાંચતા-વિચારતાં સ્પષ્ટપણે સમજાય છે કે મહારાજે આપણને જે અધ્યાત્મરાહ બતાવ્યો છે, જે કાંઈ આધ્યાત્મિક માર્ગદર્શન આપ્યું છે તે કેવળ કલ્પના નથી કે બુદ્ધિના ફક્ત તર્કો નથી, પરંતુ સર્વ શાસ્ત્રોનાં સારરૂપ છે. વચનામૃતમાં જે વાતો છે તે ફક્ત શાસ્ત્રોનો સરવાળો કે સંકલન નથી, પરંતુ સર્વ શાસ્ત્રોના પરમ રહસ્ય અને સિદ્ધાંતરૂપ છે. મહારાજ વચ.મ.૧૧માં કહે છે, ''જો ધર્મ, અર્થ ને કામસંબંધી જે ફળની ઈચ્છા તેનો ત્યાગ કરીને તેનાં તે શુભ કર્મ જો ભગવાનની પ્રસન્નતાને અર્થે કરે તો એ જ શુભ કર્મ છે તે ભક્તિરૂપ થઈને કેવળ મોક્ષને અર્થે થાય છે.'' આ ત્રણ લીટીમાં ગીતાના સાંખ્યયોગ, કર્મયોગ, જ્ઞાનકર્મસંન્યાસયોગ, કર્મસંન્યાસયોગ અને ભક્તિયોગ એમ પાંચ અધ્યાયનાં સાર-રહસ્યનો સમાવેશ થઈ જાય છે. આવાં તો અનેક વચનામૃતોનાં અનેક વચનો છે કે જેમાં અનેક શાસ્ત્રોનાં પરમ રહસ્ય, સાર અને સિદ્ધાંત સમાયાં હોય. આ રીતે સર્વે સત્શાસ્ત્રોનાં સાર, રહસ્ય અને સિદ્ધાંતરૂપ વચનામૃત એક અદ્વિતીય આધ્યાત્મિક ગ્રંથ છે.

૨. **સ્વામીની વાતોમાં દૃષ્ટાંત શૈલીની વિલક્ષણતા (૧૧૦)**

**નોંધ : ઓછામાં ઓછા ૮ થી ૧૦ દૃષ્ટાંત લખેલા હોવા જોઈએ. સ્વામીની વાતોના નંબર ન લખ્યા હોય તે ચાલે.**

જ. સ્વામીની વાતોમાં દૃષ્ટાંતશૈલીની પણ એક આગવી વિલક્ષણતા છે. સૌ કોઈ અધ્યાત્મનાં ગૂઢ રહસ્યોને સહજતા અને સરળતાથી સમજી શકે એ માટે, ગુણાતીતાનંદ સ્વામીએ પોતાના ઉપદેશમાં દૃષ્ટાંતોનો ઉપયોગ ખૂબ કર્યો છે. દૃષ્ટાંતો કહેવાની એમની શૈલી પણ અનોખી છે. તેમણે જુદા જુદા પ્રકારનાં આખ્યાનો, પ્રસંગો કે દૃષ્ટાંતોને વિવિધ રીતે કહ્યાં છે. ક્યારેક તેમણે પુરાણોનાં સુપ્રસિદ્ધ આખ્યાનો દ્વારા આધ્યાત્મિક સાધનાનો સીધો રસ્તો બતાવ્યો છે. જેમ કે, **(૧)** ''મોટાની આજ્ઞાએ કરીને કરવું, તે તો જેમ ગણપતિએ ગાયની પ્રદક્ષિણા કરી એવું છે. ને મનનું ગમતું કરવું તે તો કાર્તિક સ્વામીની પેઠે પૃથ્વીની પ્રદક્ષિણા કરવા જેવું છે. માટે આજ્ઞાએ થોડું કરે તોપણ ઘણું થાય છે ને મનગમતું ઝાઝું કરે તોપણ થોડું થાય છે.'' (સ્વા.વા. ૨/૨૬) **(૨)** ''પ્રહ્‌લાદજીએ નારાયણ સાથે ઘણા દિવસ યુદ્ધ કર્યું, પણ ભગવાન જિતાણા નહિ, પછી ભગવાને પ્રહ્‌લાદને કહ્યું જે, '' એ યુદ્ધે કરીને તો હું જિતાઉં એવો નથી ને મને જીતવાનો ઉપાય તો એ છે જે, જીભે કરીને મારું ભજન કરવું, મનમાં મારું ચિંતવન કરવું, નેત્રમાં મારી મૂર્તિ રાખવી. એ પ્રકારે નિરંતર મારી સ્મૃતિ કરવી.'' એમ કહ્યું છે, પછી એવી રીતે પ્રહ્‌લાદે અભ્યાસ કર્યો ત્યારે ભગવાન છ માસમાં વશ થઈ ગયા. માટે ભગવાનને રાજી કરવાને અર્થે આ ઉપાય સર્વોપરી છે તે શીખવો.'' (સ્વા.વા. ૧/૩) ક્યારેક સ્વામીએ એ વખતના સંતો-ભક્તોનો ઉલ્લેખ કરીને એમના જીવંત પ્રસંગો દ્વારા પણ ઉપદેશ આપ્યો છે. **(૩)** જેમ કે, ચૈતન્યાનંદ સ્વામી કેવા મોટા ? તેને પણ બાળમુકુંદાનંદ સ્વામી મળ્યા ત્યારે જ સર્વે ખોટ્ય દેખાણી ને પછી મૂકી. તે એવાને પણ રહી જાય તો બીજાને રહે એમાં શું ? માટે મોટા પુરુષનો મન, કર્મ, વચને સમાગમ થયા વિના ખોટ્ય દેખાય નહિ ને ટળે પણ નહિ, એ સિદ્ધાંત વાર્તા છે.'' (સ્વા.વા. ૨/૧૪૨) **(૪)** ''મયારામ ભટ્ટને હાટ માંડવું હતું, તેનું લેખું કરવા બેઠા ત્યાં તો સવાર થઈ ગયું. પછી તો જળ મૂક્યું જે હજી હાટ માંડ્યું નથી ત્યાં જ નિદ્રા ગઈ તો માંડશું ત્યારે શું થાશે ? માટે એ તો દીર્ઘદર્શી એટલે વિચારીને એ મારગે ન જ ચાલ્યા. (સ્વા.વા. ૬/૧૦૧) **(૫)** ''પ્રેમાનંદ સ્વામીને મહારાજ રાજી થઈને કહે જે, 'માગો' ત્યારે તેમણે માગ્યું જે, 'તમારી મૂર્તિ અખંડ રહે,' ત્યારે મહારાજ કહે, 'એ રાજીપો તો જુદો છે, તે તો તેનાં સાધન કરો તો થાય, તે વિના થાય નહિ.' (સ્વા.વા. ૨/૭૦) કેટલીક વાર સ્વામીએ પશુ-પક્ષીઓની પણ કેટલીક લાક્ષણિકતાઓનો નિર્દેશ કરીને અધ્યાત્મની વાતો કરી છે. **(૬)** જેમ કે, ''ઘરમાં સાપ હોય તે ઉંદર ખાવા મળતા હોય ત્યાં સુધી ખીજે નહિ, ને ઉંદરને કાઢી મૂકીએ તો ઘરનાં બીજાં સર્વેને કરડી ખાય. તેમ મન તથા ઈન્દ્રિયુંના કહ્યા પ્રમાણે ચાલે તો કજિયો ન થાય ને તેને મરડીને ચાલે તો કજિયો થાય છે.'' (સ્વા.વા. ૫/૮૭) **(૭)** ''બકરાંથી તે હાથી સુધી મોટા હોય તે પણ વાડામાં રહે, પણ

સિંહ વાડામાં રહે નહિ, તેમ મુમુક્ષુ હોય તે માયાના બંધનમાં રહે નહિ.' (સ્વા.વા. ૫/૧૯૭) (૮) ''એક વાર અમે ધોરાજીને પાદર બેઠેલ. ત્યાં ખાતરના ઢગલા પડેલ. પછી એક ખૂંટિયો હતો તે ધોડી ધોડીને માંહીં માથું ખોસીને બે-એક સૂંડલા જેટલી ધૂડ્ય પોતાને માથે નાખે, એમ જીવ-પ્રાણીમાત્ર ધૂડ્ય ચૂંથ્યા વિના રહી શકતાં નથી.'' (સ્વા.વા. ૬/૨૫૨) (૯) સ્વામીએ ઘણી વાર અંગ્રેજો અને ફિરંગીઓની કેટલીક વિશિષ્ટ કાર્ય-પદ્ધતિઓનો નિર્દેશ કરીને પણ કોઈક આધ્યાત્મિક સંદેશ આપ્યો છે. જેમ કે, ''ફિરંગી નિત્ય કવાયત કરાવે છે તેથી તેના માણસ બહુ ખબડદાર થાય છે, તેમ જે કથાવાર્તા, પ્રશ્ન-ઉત્તર કરવા-સાંભળવાનો અભ્યાસ રાખે તેનો જીવ વૃદ્ધિને પામે ને તેમાં બળ આવે, પણ તે વિના બળ ન આવે ને જે આળસુ થઈને બેસી રહે તેને શું સમાસ થાય ?'' (સ્વા.વા. ૨/૪૮) (૧૦) ''ટોપીવાળો(અંગ્રેજ અફસર) મૂંઝાય ત્યારે બંગલામાં જાતો રહે ને ત્યાં જઈને વિચાર કરે, એમ પ્રવૃત્તિમાંથી નિવૃત્તિ પામીને પ્રતિલોમ દૃષ્ટિ કરીને વિચાર કરવો.'' (સ્વા.વા. ૨/૧૮૨) કોઈક વખત સ્વામીએ પ્રકૃતિ, પ્રકૃતિના પદાર્થો અને કુદરતની કેટલીક વાસ્તવિકતા દ્વારા કોઈક સત્ય સમજાવ્યું છે. (૧૧) જેમ કે, ''મોટાને સેવ્યા હોય ને તેના ગુણ આવ્યા હોય તેને દેશકાળ ન લાગે, તે કેની પેઠે તો જેમ સૂર્યની આગળ અંધારું ભેળું થઈને જાય, પણ ત્યાં રહેવા પામે નહિ.'' (સ્વા.વા. ૧/૬) (૧૨) ''આ લોકનો આ જીવને ફેર ચડી ગયો છે. તે વાત સાંભળે ત્યારે જેમ પાણી ઉપર શેવાળમાં લાકડી મારે તે નોખું થઈને પાછું ભેળું થઈ જાય, તેમ આ લોકમાં પાછું ભળી જવાય છે, એવો આ જીવનો ઢાળ છે.'' (સ્વા.વા. ૨/૯૮) (૧૩) ''જેમ રેતીએ કરીને આ બાવળિયો સોરાઈ ગયો છે, પણ તે લાખ યોજનનો સમુદ્ર ભર્યો છે, તેના જળે કરીને લીલો પલ્લવ થાતો નથી, કેમ જે રેતીએ કરીને સોરાઈ ગયો છે, તેમજ વિષયે કરીને તો જીવ સોરાઈ જાય છે, પણ મીઠા જળના મહાસમુદ્ર જેવો આ સત્સંગ તેમાં રહીને લીલો પલ્લવ થાતો નથી. ને લોક, ભોગ ને આ દેહ તેણે કરીને તો જીવ સોરાઈ ગયા છે, એમ પ્રત્યક્ષ દેખાય છે.'' (સ્વા.વા. : ૩/૫૯) (૧૪) ''પડછાયાને પુગાય નહીં તેમ વિષયનો પાર આવે તેમ નથી. માટે જ્ઞાન થાય ત્યારે સુખ થાય છે.'' (સ્વા.વા. ૫/૧૯૧) ક્યારેક સ્વામીએ લૌકિક દૃષ્ટાંત દ્વારા આધ્યાત્મિક રહસ્ય છતું કર્યું છે. (૧૫) જેમ કે, ''જેમ જેમ જ્ઞાન થાતું જાય તેમ તેમ ભગવાનનો મહિમા જણાતો જાય. તે ઉપર દૃષ્ટાંત દીધું જે, એક રબારી ચાલ્યો જતો હતો ત્યાં હીરો હાથ આવ્યો, તે બકરીની કોટે બાંધ્યો. પછી તે બકરીને વાણિયે લઈને તે હીરો બસેં રૂપિયામાં દીધો. તે બસેંવાળે હજારમાં દીધો, હજારવાળે દસ હજારમાં દીધો, એમ ને એમ ચડતાં લાખ રૂપિયામાં દીધો. પછી તે લાખવાળે કોઈક શાહુકાર હતો તેની પાસે જઈને કહ્યું જે, 'આ હીરો તમારે રાખવો છે ?' ત્યારે શાહુકાર હીરો જોઈને બોલ્યો જે, 'સો મોટલિયા કરો ને દી ઊગ્યાથી તે આથમ્યા સુધી દ્રવ્ય લઈ જાઓ એટલું તમારું.' ત્યારે ગામમાં હાહાકાર બોલ્યો જે, શાહુકારે ખજાનો લૂંટાવી દીધો ! પછી તે શાહુકારના બાપે આવીને પૂછયું જે, 'શું જણસ લીધી ?' ત્યારે કહ્યું જે, 'આ હીરો લીધો છે.' ત્યારે તેણે જોઈને કહ્યું જે, 'મફત પડાવી લીધો, એક દિવસની કમાણી પણ દીધી નહિ !' ત્યારે જુઓ, સર્વે કરતાં એ શાહુકારને એ હીરાનું જ્ઞાન બહુ કહેવાય, તેમજ ભગવાનના મહિમાનું જાણવું. તે જેમ જેમ ભગવાનના મહિમાનું જ્ઞાન થાતું જાય તેમ તેમ મહિમા વધુ વધુ જણાતો જાય છે.' તે ઉપર સારંગપુરનું સત્તરમું વચનામૃત વંચાવ્યું.'' (સ્વા.વા. ૩/૬૧) (૧૬) ''ગરીબ થવાની રીત બતાવી જે, એક ગામમાં બે વાણિયા બે ભાઈ હતા. તે બન્નેની પાસે ચિંતામણિયું બે હતી. તે રાજાને ખબર પડવાથી રાજાએ લશ્કર મોકલી વાણિયાને જીતીને ચિંતામણિ એક ભાઈ પાસેથી લઈ લીધી, પછી બીજો ભાઈ હતો તે ગરીબ થઈ ફાટેલાં ચીંથરાં પહેરી ભેટમાં ચિંતામણિ રાખી માગી ખાતો, ગરીબ થઈને નીકળી ગયો તો ચિંતામણિ રહી. તેમ આપણે ગરીબ થઈને ચિંતામણિ સાચવી રાખવી.' (સ્વા.વા. ૫/૮૫) ક્યારેક સ્વામીએ ધંધાદારી લોકોના વ્યવસાય કે ધંધાની વિશેષતાને આધારે પણ કંઈક સત્ય સમજાવ્યું છે. (૧૭) જેમ કે ''કુંભાર હાંડલાં ઘડે છે તેનું દૃષ્ટાંત : હાંડલાં ઘડતાં માંહીલી તરફ લાગને વાસ્તે ગોલીટો રાખી બાર્યથી ટપલો મારે છે તેમ આપણે ગોલીટાની જગાએ મહિમા સમજવો ને ટપલાની જગાએ સાધન સમજવું.'' (સ્વા.વા. ૫/૧૮૬) (૧૮) ''જો ગરાસિયો મોટેરો હોય તો પૃથ્વી જ ભેળી કરે, ને વાણિયો મોટેરો હોય તો દ્રવ્ય ભેળું કરે, ને બ્રાહ્મણ મોટેરો હોય તો પુસ્તક ભેળાં કરે, ને રબારી મોટેરો હોય તો ઢોરાં ભેળાં કરે, પણ કોઈએ એકાંતિક સાધુ ન થાય. માટે એમાં કાંઈ માલ નથી.'' (સ્વા.વા. ૫/૧૮૬) (૧૯) ''તરગાળો વેશ કાઢે છે તેને મૂર્ખ છે તે સ્ત્રી દેખે છે ને જે ડાહ્યો છે તે પુરુષ દેખે છે, એમ જગત ખોટું છે.'' (સ્વા.વા. ૪/૧૩૩) ક્યારેક સ્વામીએ એ વખતમાં સમાજમાં જે પ્રસંગો બન્યા હોય તેનો ઉલ્લેખ કરીને પણ એ દ્વારા કંઈક સંદેશ આપ્યો છે. (૨૦) જેમ કે, ''અમદાવાદની લંઘીએ બધા શહેરનો ઈજારો રાખ્યો. તે કૂટી કૂટીને ખાવા પણ નવરી ન થઈ ને ભૂખી ને

ભૂખી મરી ગઈ. તેમ આપણે બધાનો ઈજારો રાખવો નહીં.'' (સ્વા.વા. ૫/૩૩૭) **(૨૧)** ''ગોંડળમાં વાણિયે હવેલી કરી તે નળિયાં ચડાવ્યાં, ત્યાં ચાળીસ હજાર કોરી થઈ ને ઘરમાં પણ એટલી હતી. પછી એમ ને એમ નવી ઘરેણે મૂકી તે હજી છૂટી નથી ને ખાવા મળ્યું નથી. તેમ આપણે પણ ગોંડળના વાણિયાના જેવું છે, તે આ દેહ ઘરેણે મૂકી છે તે પ્રભુ ભજાતા નથી.'' (સ્વા.વા. ૬/૨૮૯) આ રીતે જુદા જુદા દૃષ્ટિકોણથી વિચારીએ તો સ્વામીની વાતોમાં જોવા મળતી દૃષ્ટાંત શૈલીની અનેક વિલક્ષણતાઓ નજરે ચડે છે.

**વિભાગ : ૨ 'શાસ્ત્રીજી મહારાજ' વિસ્તૃત જીવનચરિત્ર ભાગ ૧ નવી આવૃત્તિના આધારે**

**નોંધ :- (૧) પ્રશ્નઃ ૭ થી ૧૦ માટે અત્રે આપેલા ઉકેલપત્રમાં ફક્ત મુદ્દા જ આપ્યા છે. પરીક્ષાર્થીની રજૂઆત તથા વિચારધારા પ્રમાણે ગુણ આપી શકાય. મુદ્દાની સામે આપેલા અંક ગ્રંથનો ભાગ અને પાના નંબર દર્શાવે છે. (૨) અત્રે આપેલા પ્રસંગો અભ્યાસક્રમના આધારે તૈયાર કરેલા હોવાથી તે જ પ્રસંગો માન્ય ગણવા. તે સિવાયના પ્રશ્નને અનુરૂપ પ્રસંગો પરીક્ષાર્થીએ લખ્યા હોય પણ અત્રે આપેલા ન હોય તો તે પેપર ઉપર કાર્યાલયનું ધ્યાન દોરવા માટે પ્રશ્ન નંબર સાથે નોંધ મૂકવી.**

**પ્ર.૭ નીચે આપેલા વિષયોમાંથી કોઈ પણ એક વિષય ઉપર મુદ્દાસર નોંધ લખો. (ત્રીસેક લીટીમાં) (કુલ ગુણ : ૧૨)**

**નોંધ : બે પ્રસંગ વર્ણનાત્મક અને બે થી ત્રણ જ લીટીમાં ઉલ્લેખ હોય તેવા બીજા ચાર પ્રસંગ સાથે કુલ છ પ્રસંગ હોવા જરૂરી છે.**

**૧. ડુંગર ભક્તની ધ્યેયનિષ્ઠા**

૧. લગ્નમાં ૪૦૦ કુટુંબીઓએ એકાદશી તોડી જમી લેવાનો આગ્રહ કર્યો પણ એકાદશી ન તોડી — ૨૦
૨. રાત્રે બાર વાગે એકલા ખેતરે પહોંચી ગયા — ૨૧
૩. ભગવાનની વાતો કરો તો ગડિયા વાળું — ૨૨
૪. મારે તો સાધુ થવું છે અને વિદ્વાન થઈ ઘણાને બ્રહ્મવિદ્યા ભણાવવી છે. - મહેળાવમાં રાવજીભાઈને — ૨૪
૫. મારે તો સાધુ થવું છે પણ પાર્ષદ સાથે રહેવું નથી. - વરતાલમાં કોઠારી બેચર ભગતને — ૨૯
૬. 'મારે આવવું નથી. હું તો ત્યાગી થવા આવ્યો છું.' - વરતાલ પિતાશ્રી ધોરીભાઈને — ૩૪
૭. 'તમારી ટિકિટના પૈસા હું આપીશ, પરંતુ આપણે આજે જ સુરત જવું છે.' - નારણભાઈને — ૩૭
૮. 'આ જમાદાર મને મારે છે અને મારા બાપે તેને એક રૂપિયો આપ્યો છે એટલે પરાણે તેની સાથે મોકલે છે. - સુરતમાં કલેક્ટરની કચેરીમાં કલેક્ટરને — ૪૨
૯. પિતાને ઉપદેશ - ઉપદેશથી પિતાનું અંતર ભેદાઈ ગયું - ધોરીભાઈને કહ્યું 'તમો તો ભગવાન ભજવા અને ભજાવવા આવ્યા છો. આ ઘરમાં કે સંસારમાં કોઈ રીતે રહી નહિ શકો, પણ અમારા ઉપર સદા દૃષ્ટિ રાખજો.'- પિતાશ્રીએ આપેલી રજા - પિતાશ્રીની હૃદય વ્યથા. — ૪૩-૪૫
૧૦. વડોદરામાં ગુરુ વિજ્ઞાનાનંદ સાથે મેળાપ થતાં પિતાશ્રીએ લખી આપેલી ચિઠ્ઠી ગુરુના હાથમાં મૂકી. — ૪૬-૪૭
૧૨. વરતાલ ગાદીના રક્ષક અને હિતચિંતક કોઠારી ગોર્વધનભાઇનો પ્રશ્ન 'આસન ક્યાં બદલો છો ?' — ૪૭
૧૩. ડુંગર ભક્તનો જવાબ 'મારા પિતાશ્રીએ પણ સદ્. વિજ્ઞાનાનંદ સ્વામીની સેવા માટે જ મને રજા આપી છે.' ૪૮

**૨. 'બ્રહ્માંડમાં આ સાધુની શક્તિથી બધું એમનું એમ ચાલે છે.' સ્વામીશ્રીના જીવનમાં ચરિતાર્થ થતું વાક્ય**

૧. પૂર્વભૂમિકા : રાજાનું રાજ્ય તેટલામાં રાણીનું રાજ્ય.
૨. લીમડી રાજ્યનો કાયદો કોઈ રીતે કોઈનાથી ન ફેરવાયો તે સ્વામીશ્રીએ પળમાં ફેરવાયો અને હનુમાનજીના બંગલા માટે ૮૫ ખેડૂતોના મકાન ખરીદ્યા. — ૨૧૨-૨૧૩
૩. સાધુ કેશવજીવનદાસ અને સ્વામી બાલમુકુન્દદાસ જે કાર્ય સ્વામીની અને મહારાજની જોટે મૂર્તિ પધરાવવાનું ન કરી શક્યાં તે કાર્ય તેમની ઈચ્છાથી કરવાનો સંકલ્પ. — ૨૧૭
૪. સત્સંગની સુષુપ્તિ અવસ્થા ટાળવા અને સ્વામી મહારાજની જોટે મૂર્તિની વઢવાણમાં શિખરબદ્ધ મંદિરના પગરણ. — ૨૨૧
૫. વઢવાણ વિરુદ્ધ મૂળીની સભાની નિષ્ફળતા. — ૨૩૯
૬. વઢવાણમાં મૂર્તિ પ્રતિષ્ઠા 'આ કાર્ય શ્રીજી એ જ કર્યું છે.' કોઠારીની હયાતીમાં જ મહારાજ-સ્વામીને બેસાડવાનો સંકલ્પ પૂરો કર્યો. — ૨૪૨-૨૪૬
૭. સ્વામીશ્રીએ માયાને છેડી - મોતીભાઈએ સ્વામીને કહ્યું - 'આ સમૈયા પર ઉપાધિ થાય તેવું વાતાવરણ ઉપરથી જણાય છે.' - સ્વામીશ્રીએ કહ્યું, 'કંઈ થશે નહિ.' — ૨૫૮-૨૫૯

૮. વરતાલની સભામાં અક્ષર-પુરુષોત્તમની જય - સાધુઓમાં અંદર અંદર ઝઘડો અને આક્ષેપો - સ્વામીશ્રીને ઉપાધિ કરવાના પ્રયત્નની નિષ્ફળતા. ૨૬૦-૨૬૨
૯. 'બ્રહ્માંડ ભરાય એટલું પાણી આકાશમાં ભર્યું છે.' મહેમદાવાદ-અમદાવાદ વચ્ચેની ગાડીઓ અટકી પડી. ૨૬૮
૧૦. છોકરા ! તારામાં તેજ અપાર છે. યોગેશ્વરદાસજીના આશીર્વાદ 'તારામાં મહારાજ અખંડ નિવાસ કરીને રહેશે.' ૨૭૧-૨૭૨
૧૧. ઝેર વાળી ખીચડી પચાવી ગયા. 'મને કંઈ થશે નહિ, તમે કોઈ મૂંઝાશો નહિ.' ૨૭૫
૧૨. પાણીમાં આગ - ચૂલામાં નાખી દેવાનો નિષ્ફળ પ્રયાસ ૨૭૬
૧૩. 'આપ બોલ્યા તે ભગતજી મહારાજ સાક્ષાત્ બોલ્યા તેમ હું જાણું છું. આપની ઈચ્છા પ્રમાણે કરીશ.' વરતાલ છોડવાનો સંકલ્પ -'આપ અખંડ ભેગા રહેજો. શ્રીજીની ઈચ્છાથી જ આ પ્રસંગ ઉપસ્થિત થયો હતો.' ૨૭૯-૨૮૨
૧૪. આણંદનો સંવત્ ૧૯૬૨નો ફાગણ સુદ પૂનમનો સમૈયો કરવાનું નક્કી કર્યું. તે બંધ કરાવવાના વરતાલના બ્રહ્મચારી અનંતાનંદજી અને સાધુ રઘુનાથચરણદાસજીનો પ્રયાસ નિષ્ફળ ગયો. ૨૯૦-૨૯૧
૧૫. બોચાસણ મંદિર માટેનો ખરડો એક કલાકમાં રૂા. ચાલીસ હજાર થયો અને સ્વામીએ લખાવવાનું બંધ કર્યું. ૨૯૧
૧૬. શ્રીજીમહારાજના સંકલ્પ મુજબ બોચાસણમાં મંદિર કરવાનો ઐતિહાસિક નિર્ણય આણંદમાં લેવાયો. ૨૯૨-૨૯૩
૧૭. ગોવિંદ સ્વામીને જમવાનો આગ્રહ કરતાં કહ્યું 'તમે જમશો નહિ અને ઉપવાસ કરશો પણ ફળ કોણ આપશે ? ફળ આપનાર મહારાજ તો આજે આ સાધુ દ્વારા પ્રગટ છે.' ૨૯૪-૨૯૫
૧૮. લોભના પ્રપંચમાં પડ્યા અને શાસ્ત્રીજી મહારાજ પર ખોટી ફરિયાદ કરનાર મણિલાલનો દીકરો ગુજરી ગયો. નોકરી છૂટી ગઈ અને મણિલાલ 'રસોઈયા' તરીકે ઘેર ઘેર રસોઈ કરવા જતા થઈ ગયા. ૨૯૭-૨૯૮
૧૯. સોખડામાં ત્રિભોવનદાસભાઈની વાડીમાં વૈશાખી પૂનમની સભામાં આંટા મારતા કાળને રોક્યો - પ્રાણલાલભાઈને પણ મૂર્તિમાન કાળના મુખમાંથી બચાવ્યા. ૨૯૯-૩૦૦
૨૦. બોચાસણમાં નવા થયેલાં મકાન પર નળિયાં ચઢી ગયાં પછી જ વરસાદ આવ્યો. ૩૦૫
૨૧. બોચાસણ મંદિરના ખાતમુહૂર્તમાં વિરોધ કરવા ભેગા થયેલા લોકો મૂંઝાઈને વિખરાઈ ગયા. ૩૦૬-૩૦૭
૨૨. બોચાસણના હીરાભાઈને સત્સંગી કર્યા. હીરાભાઈએ ગોવર્ધનભાઈ કોઠારીને કોલ આપ્યો કે 'મારા ગામમાં શાસ્ત્રીજી મહારાજ પાસે મંદિર કરાવીશ.' ૩૧૦-૩૧૧
૨૩. સંજાયાના સમૈયામાં ૨૫૦ માણસની રસોઈમાં ૧૨૦૦ માણસો જમ્યા. ૩૧૮
૨૪. બોચાસણ મંદિરની પ્રતિષ્ઠા વખતે વિઘ્ન કરવા હીરાભાઈને રૂા. પાંચહજારની લાંચ આપી ફોડવાનો નિષ્ફળ પ્રયાસ. ૩૨૨-૩૨૩
૨૫. બાવાએ વગર કિંમતે વાડી આપી. ૩૨૭
૨૬. મોતીભાઈને દિવ્ય દર્શન - ચતુરભાઈની પ્લેગની ગાંઠ મટી. ૩૩૨
૨૭. બોચાસણ મંદિરના દરવાજાની જમીન લેવાનો પ્રસંગ - શેષનાગ માથે ખૂંટી. બેચર કિસાનું અંતઃકરણ ફેરવ્યું. ૩૩૩-૩૩૪
૨૮. 'આદર્યાં અધૂરા રહે, હરિ કરે સો હોય.....' સાધુ નંદકિશોરદાસે બોચાસણ જઈ સ્વામીનો વિરોધ કરવાનું નક્કી કર્યું. તેને લકવાની અસર. ૩૩૮-૩૩૯
૨૯. મુનીશ્વરાનંદ બ્રહ્મચારી બોચાસણમાંથી પાછા વહેરા જવા વિદાય. ૩૪૦-૩૪૧
૩૦. મોતીભાઈએ બનાવલું કીર્તન 'શ્રી સારંગપુરની શોભા સજી અતિ સારી' ૩૪૯-૩૫૦
૩૧. સારંગપુરમાં મોટા મંદિરના પગરણ. ૩૫૬-૩૫૮
૩૨. કોસીન્દ્રાના કલ્યાણઠારને નવજીવન આપ્યું. ૩૭૨-૩૭૩
૩૩. નરનારાયણના આશ્રમમાં આશ્રમવાસીઓના ઐશ્વર્ય - દ્રોહનું ફળ ૩૮૭-૩૯૦
૩૪. મહારથી મુનિશ્વરાનંદ બ્રહ્મચારી ભાવનગરથી નીકળી ગયા. ૪૦૩-૪૦૪
૩૫. 'બાપુ ધામમાં જાય જ નહિ.' - ભવાનભા બાપુને ધામમાંથી પાછા લાવ્યા. ૪૦૮
૩૬. 'તમારા શિષ્યો તમારી સુવર્ણની મૂર્તિ પધરાવશે.' - વરતાલ કમિટીના સભ્યશ્રી દોલાભાઈ. ૪૧૭
૩૭. 'શીરો તો ઘણો છે તે આઠ દિવસ સુધી નહિ ખૂટે.' - સારંગપુર મૂર્તિપ્રતિષ્ઠા મહોત્સવ સમયે ૪૩૨-૪૩૩
૩૮. 'બ્રહ્માંડ તૂટી પડે તો પણ પથ્થર નહિ પડે.' ૪૪૬-૪૪૮
૩૯. કાળને બે દિવસ પાછો ઠેલ્યો - ઝવેરભાઈને અંત સમયે દર્શન. ૪૬૩-૪૬૪

૪૦. સત્તાવીસ ગામોની જમીન ખાલસા મહેસૂલ માફ પણ જમીનનો કબજો રહ્યો. ખેડાણ ચાલું રહ્યું. ૪૭૦
૪૧. બ્રહ્માંડમાં આ સાધુની શક્તિથી બધું એમનું એમ ચાલે છે. ૫૦૪
૪૨. વરતાલ શતવાર્ષિક પાટોત્સવમાં સ્વામીશ્રીનો દિગ્વિજય ૫૨૬-૫૨૯

**૩. બોચાસણ મંદિર - અથ થી ઈતિ** ૧. પૂર્વ ભૂમિકા
૨. નીલકંઠવર્ણી રૂપે બોચાસણમાં કાશીદાસ મોટાને મોટું મંદિર કરવાનો દીધેલો કોલ. ૨૫૦
૩. 'બોચાસણમાં મોટું શિખરબદ્ધ મંદિર થશે.' શાસ્ત્રીજી મહારાજની ભવિષ્યવાણી. ૨૫૧-૨૫૨
૪. બોચાસણમાં જાણે-અજાણે તમામને દર્શન થાય તેવી જમીન લેવી છે. ૨૯૫
૫. બોચાસણમાં પ્રવૃત્તિ - ઈન્દ્રને ના પાડીશું. - બોચાસણ મંદિરનું ખાતમુહૂર્ત. ૩૦૫-૩૦૬
૬. બોચાસણ મંદિરના કાર્યમાં વિઘ્ન નાખવાના વિશેષ પ્રયત્નો. - સ્વામીશ્રી સિંહને નાથે છે. ૩૦૭-૩૦૮
૭. નિરંજનદાસનો અક્ષરવાસ. - હથિયારબંધ ઊંટ સવાર પાળા બોચાસણમાં. ૩૧૩-૩૧૫
૮. બોચાસણ મંદિરના પાયા ખોદવાની શરૂઆત. - આખા બ્રહ્માંડની લક્ષ્મી અહીં આવશે. ૩૧૮, ૩૨૦
૯. શૂરવીર હોય તો ચાલ્યા આવજો. ૩૨૨
૧૦. બોચાસણમાં મૂર્તિ પ્રતિષ્ઠા. - હે સ્વામી ! આપ દયા કરી બિરાજો. ૩૨૪-૩૨૫
૧૧. બાવો વગર કિંમતે વાડી આપશે. ૩૨૭
૧૨. બોચાસણમાં શ્રી સત્સંગિજીવનનું પ્રથમ પારાયણ. - ક્યાં સુધી રહેશો તમે છાના ? ૩૨૯-૩૩૦
૧૩. શેષનાગને માથે ખીલી. - ચરોતરના ચોકમાં અક્ષરપુરુષોત્તમ મહારાજ. ૩૩૩

**પ્ર.૮ નીચે આપેલા વિષયોમાંથી કોઈ પણ બે ઉપર ટૂંકનોંધ લખો.**
**(દરેક ટૂંકનોંધમાં પાંચેક લીટીના બે પ્રસંગો લખવા.) (કુલ ગુણ ૮)** **નોંધ : દરેક પ્રસંગના ૨ ગુણ આપવા.**

**૧. સમાધિ પ્રકરણ**
૧. સારંગપુરમાં છગનભાઈને સમાધિમાં સુવર્ણ અને રત્નજડિત મંદિરના દર્શન. ૪૦૦-૪૦૧
૨. વડતાલના આચાર્ય લક્ષ્મીપ્રસાદના પુત્ર રાધારમણપ્રસાદને સારંગપુરમાં ઠાકોરજીના દર્શન કરતાં સમાધિ. ૫૮૭-૫૮૮
૩. ત્રણ દિવ્ય સ્વરૂપોના દર્શન - સમાધિ પ્રકરણની શરૂઆત ૫૮૮-૫૮૯
૪. સારંગપુરમાં અખંડ ધૂનમાં સાધુ નંદકિશોરદાસે સમાધિમાં યોગના આસનો ૬૧૩-૬૧૪
૫. સારંગપુર વાડીમાં બાજરો કાપતાં હરમાનભાઈને સમાધિમાં ટોપરું અને તલસાંકળીનો પ્રસાદ ૬૧૫-૬૧૬
૬. શંકર ભગતના અક્ષરવાસ સમયે સાધુ ધર્મસ્વરૂપદાસને સમાધિ - પ્રસાદિનું ફૂલ ૬૩૨

**૨. શાસ્ત્રીજી મહારાજ અને વિદ્વાનો (રંગાચાર્ય, મહિધર શાસ્ત્રી)**
૧ રંગાચાર્યનો પરિચય - તીવ્ર બુદ્ધિ અને ગ્રહણ કરવાની અદ્‌ભુત શક્તિથી રંગાચાર્ય સ્વામીશ્રી પર બહુ ધ્યાન આપતા - ભગતજી વિષેની વાતો સાંભળીને રંગાચાર્યને ભગતજીનાં દર્શનની ઉત્સુકતા. ૧૪૮-૧૪૯
૨. લક્ષ્મીવાડીમાં મૂર્તિ-પ્રતિષ્ઠોત્સવ પ્રસંગે મહિધર શાસ્ત્રીનો શાસ્ત્રાર્થમાં કરેલો પરાજય - गुणाः पूजास्थानं गुणिषु न च लिंड्गं न च वयः । રંગાચાર્યે મહિધર શાસ્ત્રીને કહેલો સ્વામીશ્રીનો મહિમા ૧૫૨-૧૫૩
૩. अस्मिन् संप्रदाये एकमेव સ્વામીશ્રીને ભણાવવા તે એક પ્રકારની સેવા છે. - રંગાચાર્ય ૧૫૬-૧૫૭

**૩. શાસ્ત્રીજી મહારાજની અક્ષરપુરુષોત્તમ પ્રત્યેની અસ્મિતા**
૧. ભક્તે સહિત ભગવાનની ઉપાસના શાસ્ત્રસંમત - સ્વામી નિર્મળદાસજીને વઢવાણમાં જમીન અપાવતાં પહેલાં અક્ષરપુરુષોત્તમ પધરાવવાનું વચન લીધું. ૨૨૧-૨૨૨
૨. વઢવાણ વિરુદ્ધ મૂળીમાં થયેલી સભા કોઈ ઠરાવ વગર વિખરાઈ ગઈ. ૨૪૦
૩. મને સંકલ્પ હતો કે તમારી હયાતીમાં મહારાજ અને સ્વામી બેસે તો સારું - કોઠારી ગોવર્ધનભાઈને સ્વામીશ્રી કહે છે. ૨૪૫-૨૪૬
૪. મહારાજે કાશીદાસ મોટા ને ધામ સહિત બિરાજવાનો વર આપ્યો હતો. તે મુજબ પ્રથમ મંદિર બોચાસણમાં કરવાનો નિર્ણય. ૨૯૨-૨૯૩
૫. અમે તથા વરતાલ એક છીએ. ૩૦૪
૬. શ્રીજીમહારાજે આ જગ્યાએ રોઝો ઘોડો કુંડાળે નાખી કહ્યું હતું : 'અમે આજ મોટા મંદિરનું ખાત કરીએ છીએ.' - શ્રીજીમહારાજની ઈચ્છાનુસાર સારંગપુરમાં મંદિર કરવાનો સંકલ્પ. ૩૪૯

૭. મહારાજ અને સ્વામી માટે મૂંડાવ્યું છે. - લીમડીના ઠાકોર સાહેબને. ૪૨૫
૮. મૂર્તિઓ પધરાવી છે તે કબૂલ રાખે. આચાર્ય મહારાજ આરતી ઉતારે તો જ ભેગું ભળવું - કોઠારીનો સ્પષ્ટ અભિપ્રાય અને સ્વામીશ્રીનો તો એ સિદ્ધાંત જ હતો. ૪૭૪
૯. સ્વામીશ્રીએ બાપુભાને કહ્યું : 'અક્ષરપુરુષોત્તમ મહારાજ મધ્યમંદિરમાં પધરાવવા તેમાં મહારાજનો ખૂબ રાજીપો છે. તેથી આ અલ્પ સેવા પણ તને,મને,ધને કરે તેને મહારાજ બ્રહ્મરૂપ કરીને અક્ષરધામમાં લઈ જશે. ૫૬૯
૧૦. 'ત્રણ વર્ષમાં રૂપિયા દસ લાખ ખર્ચવા શરત મંજૂર રાખી' - અક્ષરદેરી અખંડ રાખી મંદિર બાંધવા જમીન માગી.૬૧૦

**પ્ર.૯ નીચે આપેલા પ્રસંગોમાંથી કોઈ પણ <u>ત્રણ</u> પ્રસંગ વર્ણવી મનન લખો.**
**(પ્રસંગવર્ણન આઠેક લીટીમાં તથા મનન ચારેક લીટીમાં લખવું) (કુલ ગુણ ૧૨)**

**નોંધ : ૩ ગુણ પ્રસંગોના અને ૧ ગુણ મનનનો આપવો. મનન અહીં આપ્યા કરતાં જુદું પણ હોઈ શકે પણ વિષયને અનુરૂપ હોય તો તેના પૂરેપૂરા ગુણ આપવા.**

૧. **ગુણાતીતાનંદ સ્વામીના આશીર્વાદ (ભાગ-૧-૧૭) પ્રસંગ :** શ્રીજીમહારાજને મળેલા મહામુક્તરાજ ધોરીભાઈના પિતાશ્રી અજુભાઈએ સંવત ૧૯૨૨ના ચૈત્રી સમૈયા પછી તેમના ભાઈ શંભુ ઝવેરીદાસની ક્રિયા પ્રસંગે ગુણાતીતાનંદ સ્વામી તથા આચાર્ય ભગવત્પ્રસાદજી મહારાજને તેડાવ્યા હતા. ૭૦૦ સંત-હરિભક્તોનો સંઘ ચાર દિવસ મહેળાવમાં રોકાયો હતો. ત્યારે મથુરભાઈ ડુંગરભાઈને લઈને ગુણાતીતાનંદ સ્વામી પાસે જઈને કહ્યું : 'સ્વામી ! આ અમારા ભાઈને વર્તમાન ધરાવો.' ત્યારે સ્વામીએ ઠપકારૂપે પૂછ્યું : 'અત્યાર સુધી વર્તમાન ધરાવ્યા નથી ?' 'ચોમાસામાં શુક સ્વામી પાસે ધરાવ્યા છે.' મથુરભાઈ - 'શુક સ્વામી તો શ્રીજીમહારાજનો જમણો હાથ કહેવાય. માટે શુક સ્વામીએ ધરાવ્યા તે શ્રીજીમહારાજે પોતે ધરાવ્યા કહેવાય' ગુણાતીતાનંદ સ્વામી - 'આ તમારો ભાઈ તો ત્યાગી થઈ, સાધુ થઈ, શ્રીજીમહારાજની સર્વોપરી નિષ્ઠા પ્રવર્તાવશે અને કથાવાર્તા કરી સંપ્રદાયને ઉત્તેજન આપી વૃદ્ધિ કરશે.' ગુણાતીતાનંદ સ્વામી મથુરભાઈને - બાળકને પતાસાંની પ્રસાદી આપી. - ત્યાર પછી બાળકની પ્રતિભા તથા ઓજસમાં દિન-પ્રતિદિન વૃદ્ધિ થતી સૌને જણાઈ - નાના જણાતા ડુંગરમાં પ્રેમ, પ્રતિભા અને ઐશ્વર્યનો વિરાટકાય ડુંગર સૌને પ્રગટ થતો દેખાવા લાગ્યો. **મનન :** અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામીના આશીર્વાદ મળવાથી ડુંગર ભક્તમાં સર્વગુણનો વિરાટકાય વિકાસ થયો. સ્વામીશ્રીના વચનાનુસાર ડુંગર ભક્તે સાધુ થઈ સત્સંગની સેવા કરી. બી.એ.પી.એસ.ની સ્થાપના કરી.

૨. **મારા ઉપર ધૂળ નાખો (ભાગ ૧-૬૩૮) પ્રસંગ :** શ્રીજીપુરામાં કોઠારી સોમા ભગત, વાસુદેવ સ્વામી, અક્ષરસ્વરૂપદાસજી સ્વામી, ગોપીનાથ પુરાણી વગેરે ખેતીનું કામ સંભાળતા હતા. નદી ઉપર પંપ મૂકી જુવારને પાણી પાવાનું કામ ચાલતું હતું. પાણીનો પ્રવાહ ક્યારાના બંધનો તોડી નાખતો હતો. ધૂળ નાખી બંધ પૂરવાનું કામ સોમા ભગત કરતા છતાં બંધ તૂટી જતા. આ જોઈ સ્વામીશ્રીએ કહ્યું : 'હું ક્યારાના બંધ આગળ સૂઈ જાઉં અને તમે મારા ઉપર ધૂળ નાંખો, એટલે બંધ તૂટશે નહિ. - સોમા ભગત વિચારમાં પડ્યા. - સ્વામીશ્રીઃ 'ઠાકોરજીની આવી સેવા ક્યાંથી આપણને મળે ? આપણા સર્વોપરી ઈષ્ટદેવને માટે શું ન થાય ? માટે માંડો ધૂળ નાંખવા' - આમ કરવાથી બંધ તૂટતા બંધ થઈ ગયા - 'શ્રીજીમહારાજનું સાક્ષાત્ સ્વરૂપ હોવા છતાં પોતાના ઈષ્ટદેવનો મહિમા સમજી કેવા પ્રકારની સેવા કરે છે ?' સોમા ભગત. **મનન :** ઈષ્ટદેવથી મોટું કોઈ નથી ? લોયા-૩ પ્રમાણે 'જેને ભગવાનનો માહાત્મ્યે સહિત નિશ્ચય હોય તેથી ભગવાનને અર્થે ને સંતને અર્થે અર્થે શું ન થાય ?' તે સ્વામીશ્રીએ સૌને શીખવ્યું.

૩. **વરતાલથી મહાપ્રસ્થાન (ભાગ ૧-૨૮૧-૨૮૨) પ્રસંગ :** સ્વામીશ્રીને વરતાલ છોડવાનું નક્કી થયું - 'સ્વામી! અમોને ! ચિઠ્ઠી ન મળે તો પછી આપને ક્યાં આવીને મળીએ ?' મોટા પુરુષોત્તમદાસ સ્વામી - 'આશી, વેરા તરફ તપાસ કરશો' સ્વામીશ્રી - જૂની સ્મૃતિઓ અને દૂરનો સત્સંગ આહ્‌વાન આપતો બોલવતો હતો. - શ્રીજી પ્રેરિત પોતાને મળેલા આ આદેશનો સ્વીકાર કરી મહાપ્રસ્થાનની તૈયારી - સ્વામીશ્રી સાથે નારાયણચરણદાસ - નિરંજનદાસજી તથા બીજા ત્રણ સાધુ - ફક્ત ઝોળીઓ લઈને છ સંત તથા હરિભક્તો મંદિરમાં હરિકૃષ્ણ મહારાજના દર્શને - સ્વામીએ કરેલી સ્તુતિ 'મહારાજ ! અમારે જુદું પડવાનો જરાય સંકલ્પ નથી, પણ જો આપની ઈચ્છાથી જુદા પાડતા હો, તો આપ અમારી સહાયતામાં રહેજો અને અખંડ ભેગા રહજો.' - હનુમાનવાળા દરવાજેથી પ્રસ્થાન - તેમના મંડળમાં પાંચ સંત અને દોઢસો જેટલા હરિભક્તો હતા. **મનન :** મહારાજની ઈચ્છાનુસાર જ રહેવું - વરતાલ સાથે જૂની સ્મૃતિઓ ઘણી હતી પણ શિક્ષાપત્રીમાં મહારાજે 'દેશકાળ અનુસારે વર્તવાની રીત બતાવેલી છે. તે મુજબ વરતાલનો ત્યાગ કર્યો.

૪. **'આજ મહારાજ પ્રગટ છે' (ભાગ ૧-૫૭૩-૫૭૪) પ્રસંગ :** ગઢપુરના શતવાર્ષિક પાટોત્સવ વખતે લક્ષ્મીવાડીએ જમતી વખતે આશાભાઈ, મોતીભાઈ તથા કેશવલાલે વાત કરી 'આજે સમૈયામાં તમામ સંતો, સદ્‌ગુરુઓ, હરિભક્તો સ્વામીશ્રીની મૂર્તિમાં ખેંચાઈ ગયા. આમ, મહારાજે પોતાનું પ્રગટપણું બતાવ્યું. વળી પોતાના પ્રગટપણાની સૌને પ્રતીતિ કરાવતા ગંગાજળિયામાં મહારાજ સૌને હજુ દર્શન દે છે.' ત્યારે સ્વામીશ્રીએ પૂછ્યું : 'તમે દર્શન કર્યા ?' એટલે રામચંદ્રભાઈએ કહ્યું : 'અમારે તો સાક્ષાત્ દર્શન થાય છે એટલે એ કૂવામાં ડોકિયું કરવા ક્યાં જઈએ ?' ત્યારે કોઈકે કહ્યું : 'આજે સો સો વર્ષોનાં વહાણાં વહી ગયાં' એ કીર્તન સાંભળીને આખી સભા રડી. - 'એ બધા મહારાજને ગયા જાણે છે, પણ મહારાજ આજ પ્રગટ જ છે એ સ્વરૂપની ઓળખાણ નથી એટલે અજ્ઞાનમાં અટવાય છે અને રડે છે.' આ શબ્દો દિવ્યભાવના, સ્વરૂપનિષ્ઠાના, ભગવાન પુરુષોત્તમના હતા. સ્વામીશ્રીમાં જ અખંડ રહી ભગવાન પુરુષોત્તમ ક્રિયા કરતા હતા, બોલતા હતા, જોતા હતા, દર્શન દેતા હતા. **મનન :** આ પ્રસંગે શ્રીજીમહારાજે સ્વયં પોતાની ઓળખાણ સૌને કરાવી. જેનામાં જેટલી પાત્રતા હોય તેટલું તે સમજી શકે અને તેનો આનંદ પણ લઈ શકે. ગુણાતીત સંત દ્વારે શ્રીજીમહારાજ પ્રગટ જ છે.

૫. **રંતિદેવ પ્રગટ થયા (ભાગ ૧-૫૮૧-૫૮૩) પ્રસંગ :** પુરુષોત્તમપુરામાં આશાભાઈ અને ઈશ્વરભાઈએ પોતાની જમીન પર બનાવેલા બંગલામાં છસો મણ કપાસ, સાતસો મણ ચણા, એક હજાર મણ ઘઉં વગેરે ભરેલું હતું. તેમાં આગ લાગવાથી માલસામાન સાથે બંગલો બળીને ભસ્મ થઈ ગયો. ત્યારે સ્વામીશ્રી ત્યાં પધાર્યા.- વાત કરતાં કહ્યું : 'અમે વિચાર્યું કે સારંગપુર મંદિરની મૂર્તિઓ લેવા માટે તમારી પાસેથી રકમ લઈને જયપુર જઈએ, પણ મહારાજે ખરું વિઘ્ન નાખ્યું.' - રંતિદેવના આખ્યાનને આપણામાં જ પ્રગટ કરવાનો નિશ્ચય કર્યો છે. આશાભાઈએ મોતીભાઈને રઢુ શરાફ પાસે મોકલી રકમ મંગાવીને સ્વામીશ્રીને ચરણે ધરી. - 'આપને માટે આભ અને પાતાળ એક કરવાં હોય તો કરીએ. માટે આ રકમ સ્વીકારી અમારા ઉપર રાજી થાઓ.' - 'આવા ટાણે તો જે મોજ આપી શકે તેવા સમર્થ હોય તે માગે અને કાં તો મૂરખ હોય તે માગે. આપે તો શ્રીજીમહારાજને અખંડ ધારી રાખ્યા છે અને તે સ્વરૂપ છો. માટે અમો જો આ વખતે ટાણું ચૂકીએ, તો અમને જે મોજ આપવા આપ પધાર્યા છો, તે ટાણું જાય.' **મનન :** ભગવાન અને સંત વિપરીત પરિસ્થિતિમાં જ કસોટી કરે છે. તે સમજી શકીએ અને જો તેમને રાજી કરી શકીએ તો તેમના જેવી મોજ પણ કોઈ આપી શકતું નથી.

**પ્ર.૧૦ નીચે આપેલાં પાત્રોમાંથી કોઈ પણ <u>એક</u> પાત્રના પ્રસંગો વર્ણવી વ્યક્તિત્વનું આલેખન કરો. (કુલ ગુણ ૮)**

**નોંધ : પાત્રના પ્રસંગો વધારે હોય તેથી બધા જ પ્રસંગોનું વર્ણન હોવું જરૂરી નથી. ૬ ગુણ પ્રસંગોના અને ૨ગુણ વ્યક્તિત્વના આલેખનના આપવા.**

**૧. છગનલાલ ધનેશ્વર રાવળ : પ્રસંગો :**

| | | |
|---|---|---|
| ૧. | અમે રહીએ એટલા દિવસ નિત્ય દર્શને આવવાનો નિયમ લો. - સ્વામીશ્રીને થઈ ગયેલા ઝાડા | ૧૯૪ |
| ૨. | છગનભાઈએ કરેલી સ્વામીશ્રીની સેવા - છગનલાલભાઈ અમે સાજા થઈ ગયા. | ૧૯૫ |
| ૩. | જાગા સ્વામીની કરાવેલી ઓળખાણ - કૃષ્ણજી મહારાજ, મોરારજી શેઠ, કાનજીભાઈની પણ કરાવેલી ઓળખાણ - છગનભાઈને આવેલો ગુણ | ૧૯૬ |
| ૪. | શાસ્ત્રીજી મહારાજે છગનભાઈને 'શ્રીજીમહારાજના પ્રાગટ્યના છ હેતુઓ અને અક્ષરપુરુષોત્તમ ઉપાસનાના સિદ્ધાંતની કરેલી વાતો - કૃષ્ણજી મહારાજને ઘેર જઈને બે વચનામૃત વાંચવાની આજ્ઞા - બેય દેશમાં શાસ્ત્રીજી મહારાજ જેવા કોઈ સંત નથી - સો માથાં જાતાં રે સોંઘા છોગાળા - | ૧૯૭ |

**વ્યક્તિત્વ :** સાચા સંતની ઓળખાણ થતાં જ તેમની સેવામાં તૈયાર રહેવા લાગ્યા. જેમ જેમ સમાગમ કરતાં ગયા. તેમ તેમ વિશેષ મહિમા સમજાયો. સો માથા આપીને શાસ્ત્રીજી મહારાજનો પક્ષ રાખવો જોઈએ. તેવી સમજણ દૃઢ કરી.

**૨. હીરા મુખીઃ પ્રસંગો**

| | | |
|---|---|---|
| ૧. | બોચાસણમાં પ્રથમ જળઝીલણીના સમૈયા પછી બારસની રસોઈ મુખી હીરાભાઈ તરફથી. | ૩૦૮ |
| ૨. | સ્વામીશ્રી રસોઈ ન જમતાં હીરાભાઈએ કરેલી વિનંતી - હીરાભાઈએ વર્તમાન લીધા - મારા એક દિવસના પાપ કોઈ લે તો સાંજ પડતાં ફાટી પડે - જ્યારે આ સાધુએ તો તેના સમગ્ર જીવનના પાપ માથે લઈને ધોઈ નાખ્યા. | ૩૦૯-૩૧૦ |

૩. 'શાસ્ત્રી યજ્ઞપુરુદાસ માટે તમે શું કરશો ?' ગોવર્ધનભાઈ કોઠારીનો હીરાભાઈને પ્રશ્ન ૩૧૧

૪. શાસ્ત્રીજી મહારાજને લઈને વહેરાના મામલતદાર કેશવલાલભાઈએ તેડાવ્યા હોવાથી ગયા. ૩૧૨

૫. બોચાસણ મંદિરની પ્રતિષ્ઠા રોકવા વિરોધીઓએ પાંચ હજારની રકમ આપી ત્યારે તેઓને પડકાર્યા. ૩૨૨-૩૨૩

**વ્યક્તિત્વ :** બધા જ દોષોથી ભરપુર, નીતિ-ન્યાયને કોરે મૂકનાર - તેમના વિરુદ્ધ સાક્ષી આપવી એટલે જીવનું જોખમ એવા માથાભારે, બોચાસણમાં એક દૂષણરૂપ, કોઈ શિખામણના બે શબ્દ કહેવાની હિંમત ન કરી શકે. સ્વામીશ્રીના પ્રસંગમાં આવતાં જીવનનું પરિવર્તન. પહેલા જેટલા કુમાર્ગે શૂરવીર હતા તેથી પણ અધિક સન્માર્ગે ચાલવામાં શૂરવીર હતા.

## વિભાગ - ૩ : 'સ્વામીની વાતો' નવી આવૃત્તિના આધારે

**અભ્યાસક્રમની વાતોના ક્રમાંક :** પ્રકરણ ૩/૧, ૩, ૫, ૭, ૮, ૯, ૧૦, ૧૨, ૧૩, ૧૫, ૧૬, ૧૭, ૧૯, ૨૦, ૨૧, ૨૨, ૨૫, ૨૬, ૨૭, ૨૮, ૨૯, ૩૦, ૩૧, ૩૨, ૩૩

**પ્ર.૧૧ નીચે આપેલા પ્રશ્નોના એક (સંપૂર્ણ) વાક્યમાં જવાબ લખો. (કુલ ગુણ ૪)**

**નોંધ : અડધા સાચા જવાબનાં ગુણ આપવા નહીં.**

૧. વાદી, ફૂલવાદી અને ગારડીને ઠેકાણે કોણ કોણ છે ? (૫/૯૭)

જ. દત્તાત્રેય, કપિલ વાદીને ઠેકાણે, રામચંદ્ર ને શ્રીકૃષ્ણ ફૂલવાદીને ઠેકાણે અને મહારાજ ગારડીને ઠેકાણે છે.

૨. મોટા સાધુની સમજણમાં શું છે ? (૨૨/૧૦૯)

જ. મોટા સાધુની સમજણમાં તો મહારાજની મૂર્તિ વિના પ્રકૃત્તિપુરુષ સુધી ઢૂંસા જ છે.

૩. પૃથ્વીનું વેજુ એટલે શું ? (૨૭/૧૧૧)

જ. પૃથ્વીનું વેજુ એટલે પ્રત્યક્ષ મહારાજ ને પ્રત્યક્ષ સંત પ્રગટ વિરાજે છે.

૪. 'મહારાજની મૂર્તિ વિના ને આ સાધુ વિના સુખ કે શાંતિ ક્યાંઈ નથી.' આમ બોલી સ્વામી કઈ સાખી બોલ્યા ? (૨૮/૧૧૧-૧૧૨)

જ. સુરપુર નરપુર નાગપુર એ તીનમેં સુખ નાંહિ, કાં સુખ હરિકે ચરનમેં કાં સંતનકે માંહિ.

**પ્ર.૧૨ નીચે આપેલા પ્રશ્નોમાંથી કોઈ પણ બેના મુદ્દાસર જવાબ લખો. (પાંચેક લીટીમાં) (કુલ ગુણ ૬)**

૧. જેને ભગવાનનો સાક્ષાત્કાર સંબંધ થયો હોય એમાં કેવી મોટપ આવે છે ? (૩/૯૬)

જ. જેને ભગવાનનો સાક્ષાત્કાર સંબંધ થયો હોય એમાં એવી મોટપ આવે છે કે પ્રકૃતિપુરુષ થકી પર અક્ષરધામ છે. તે ધામમાંથી લાખ મણ લોઢાનો ગોળો પડતો મૂકીએ, તે વાને લેરખે ઘસાતો ઘસાતો પૃથ્વી ઉપર આવે ત્યારે રજ ભેળો રજ થઈ જાય, એટલું છેટું છે પણ જો આંહી અલ્પ જેવો જીવ હોય ને તેને એ એમ ધારે કે જે 'આ જીવ આઠ આવરણ પાર અક્ષરધામમાં જાય, તો તત્કાળ જાય.

૨. હૃદયમાં ટાઢું કેમ થાય ? (૨૦/૧૦૭-૧૦૮)

જ. ટાઢું તો, તો થાય જે, જેમ ભગવાન સામું જોઈ રહીએ છીએ તેમ જ્યારે મોટા સાધુ સામું જોઈ રહેશું ત્યારે ટાઢું થાશે.' આ બધોય સત્સંગ તો મહારાજનું શરીર છે, પણ જે મોટા એકાંતિક સાધુ છે, તે દ્વારે તો મહારાજ અખંડ રહ્યા છે, તેને વળગે છે ત્યારે તેને મહારાજનું સુખ આવે છે.

૩. સત્સંગમાં વાત થાય છે કે જીવ બ્રહ્મરૂપ થઈ જાય પરંતુ જીવ બ્રહ્મરૂપ કેમ થતો નથી ? (૩૩/૧૧૪)

જ. હેતે કરીને સત્પુરુષમાં જીવ બાંધ્યો નથી અને સત્પુરુષમાં જીવ બાંધ્યો હોય તો તેનો વિશ્વાસ ન આવે. વિશ્વાસ તો હોય, તોપણ નિષ્કપટપણે વર્તાય નહિ, ને નિષ્કપટપણે વર્તે તો જીવ બ્રહ્મરૂપ થયા વિના રહે નહિ.

**પ્ર.૧૩ નીચે આપેલા કોઈ પણ બેના દૃષ્ટાંત અથવા પ્રસંગ વર્ણવી તેનો સિદ્ધાંત લખો. (કુલ આઠેક લીટીમાં) (કુલ ગુણ ૬)**

**નોંધ : સિદ્ધાંત મૌલિક રીતે લખવાનો હોવાથી અહીં આપેલા જવાબ સિવાયનો સિદ્ધાંત પરીક્ષાર્થીએ લખેલો હોય તો તે દૃષ્ટાંતને અનુરૂપ છે કે નહીં તે પરીક્ષકે જાતે નક્કી કરીને તેના ગુણ આપવાના છે. ૨ ગુણ દૃષ્ટાંતના અને ૧ ગુણ સિદ્ધાંતનો આપવો.**

૧. **સ્વપ્નમાં ઘોડાનો પગ ભાંગ્યો (૧૯/૧૦૭) દૃષ્ટાંતઃ** એક ઘોડાનો સ્વપ્નમાં પગ ભાંગ્યો. તે જ્યારે જાગ્યો ત્યારે તોળીને ઊભો, પણ પગ માંડે નહિ. વૈદરાજે કહ્યું : 'આ ઘોડાનો પગ ભાંગ્યો નથી ને કાંઈ માંદો થયો નથી, એને તો સ્વપ્ન થયું છે તે પગ તોળીને ઊભો છે. ત્યારે પૂછ્યું જે, એનું કેમ કરવું ? ત્યારે એણે કહ્યું જે, 'બસેં ઘોડાં સાબદાં કરો ને તોપુંના ને બંધૂકુંના ભડાકા કરવા માંડો, એટલે ચમકશે ત્યારે સ્વપ્ન થયું છે તે મૂકી દેશે.' તેમ એને શાસ્ત્રના શબ્દની ભ્રાંતિ પડી છે તે આમ ને આમ નિરંતર ધડાકા ને પડકારા કરશું તો મૂકી દેશે.

**સિદ્ધાંતઃ** મહારાજનાં ચરિત્ર દીઠાં હોય, સાંભળ્યા હોય છતાં તેનું પ્રમાણ શાસ્ત્રમાં શોધવા જઈએ. શાસ્ત્રના શબ્દોની ભ્રાંતિ પડી હોય એટલે વાસ્તવિકતા સ્વીકારાય નહિ. તે સતત સાચા સંત તે વાતોના પડકારા કરે ત્યારે મનાય.

૨. **ગાયનું વાછરું છૂટીને ગૌશાળાએ ગયું (૨૧/૧૦૮) દૃષ્ટાંત :** આવા સાધુને મૂકીને જે જે સુખ ઈચ્છવું તે તો જેમ એક દિવસ ગાયનું વાછરું છૂટીને ગૌશાળાએ ગયું ને જાણે જે દૂધનું સુખ લઉં. પછી તો ત્યાં પોઠિયા ઊતરેલ તે જ્યાં મોઢું ઘાલવા જાય ત્યાં પાટુ ખાય. તે પાટુ ખાઈખાઈને મોઢું તો સૂજી ગયું, પણ દૂધનું સુખ આવ્યું નહિ, પછી તો પોતાની મા આવી તોય ધાવવા સમર્થ ન થયું. તેમ આવા સાધુને મૂકીને બીજે સુખ લેવા જાય છે તે તો પાટુઓ ખાધા જેવું છે. કેમ જે, આજ્ઞા-ઉપાસનામાં ભંગ પાડશે ત્યારે આવા સાધુ પાસે નહિ બેસાય, જેમ ગાયનું વાછરું ગાય પાસે ન ગયું તેમ.

**સિદ્ધાંત :** એકાંતિક સંતને મૂકી પોઠીયા જેવા સંત પાસે જઈએ ત્યારે કુસંગના શબ્દરૂપી પાટુઓ સાંભળીને જીવ ભગવાન અને સંત થકી વાછરું જેમ ગાયથી દૂર થઇ જાય છે. તેમ દૂર થઈ જાય. તે ક્યારેય ભગવાન કે સંતને પામી ન શકે.

૩. **સમુદ્રમાં વહાણ અને મચ્છ (૨૯/૧૧૨) દૃષ્ટાંત :** જેમ સમુદ્રમાં વહાણ ચાલ્યું જતું હોય તેને મોટા મચ્છ હોય તે જોઈને મનમાં એમ જાણે જે, આ આપણા જેવો મચ્છ ચાલ્યો જાય છે, પણ જેવું વહાણ છે ને સમુદ્ર તારે એવું છે ને લાખો-કરોડો રૂપિયાનો માલ લઈ જાય છે ને લાવે છે, તેને જાણી શકતો નથી. તે તો દૃષ્ટાંત છે ને એનું સિદ્ધાંત તો એ છે જે, જેવા મહારાજ છે ને જેવા મહારાજના સંત છે ને જેવાં તેમનાં સ્વરૂપ, સ્વભાવ, ગુણ, ઐશ્વર્ય ને સામર્થ્ય છે તેને જાણતા નથી, જેમ માછલું ને મચ્છ પોતે પોતા જેવા જાણે છે તેમ જે મનુષ્ય છે તે પોતા જેવા જાણે છે, પણ જેવા છે તેવા જાણતા નથી.

**સિદ્ધાંત :** સમુદ્રમાં ચાલતું વહાણ મચ્છને પોતા જેવું જ લાગે છે. તેમ આ સંસારરૂપી સાગરમાં ભગવાન અને ભગવાનના સંત આપણા જેવા દેખાય છે પણ છે નહિ. તે જેવા છે તેવા આપણે જાણતા નથી એટલે જીવને મોટી ખોટ રહી જાય છે.

**પ્ર.૧૪ નીચે આપેલા વિષયોમાંથી કોઈ પણ બે ઉપર અભ્યાસક્રમની 'સ્વામીની વાતો'નું પ્રમાણ આપી સમજાવો. (આઠથી દસ લીટીમાં) (કુલ ગુણ ૪)**

**નોંધઃ (૧) સમજૂતિ મૌલિક રીતે લખવાની હોવાથી અહીં આપેલા જવાબ સિવાયની સમજૂતિ પરીક્ષાર્થીએ લખેલી હોય તો તે પ્રસંગને અનુરૂપ છે કે નહીં તે પરીક્ષકે જાતે નક્કી કરીને તેના ગુણ આપવાના છે. ૧ ગુણ પ્રમાણના અને ૧ ગુણ સમજૂતિના આપવા. (૨) ઉકેલપત્રમાં આપેલ સ્વામીની વાત સિવાય અભ્યાસક્રમમાં આવતી સ્વામીની વાતમાંથી બીજી કોઈ પણ વાત પરીક્ષાર્થીએ લખેલ હોય અને તે વિષયને અનુરૂપ આવતી હોય તો તેના ગુણ કાર્યાલયનું ધ્યાન દોરીને મૂકવા.**

૧. **અડાલજની વાવે શ્રીજીમહારાજે સંકલ્પ કર્યો - 'આ વાવને સરસવના દાણાથી ભરીએ એટલા જીવને સત્સંગ કરાવવો છે.' (૧/૯૫)**

**પ્રમાણ :** અમે સો કરોડ મનવારો લઈને આવ્યા છીએ એટલા જીવનો ઉદ્ધાર કરવો છે.

**સમજૂતિ :** શ્રીજીમહારાજે પૃથ્વી ઉપર રહેલા જીવપ્રાણી માત્રના કલ્યાણનો સંકલ્પ કર્યો હતો. તે જ સંકલ્પની મહારાજે સમયે સમયે સ્મૃતિ કરીને સંકલ્પને વધુ દૃઢ કરતાં ઉતરતી કોમમાં પણ સત્સંગના બીજ નાખી તેમનું પણ કલ્યાણ કર્યું છે.

२. **ગુણાતીતાનંદ સ્વામીએ આત્માનંદ સ્વામીને નિષ્ઠા કરાવી એટલે તેઓ ૧૧૬ વર્ષે ધામમાં ગયા. (૧૨/૧૦૧)**

**પ્રમાણ :** 'મહારાજ તો સર્વોપરી ને સર્વ અવતારના અવતારી, સર્વ કારણના કારણ છે.' - 'આજ તો સત્સંગમાં સાધુ, આચાર્ય, મંદિર ને મૂર્તિયું તે સર્વોપરી છે, તો મહારાજ સર્વોપરી હોય તેમાં શું કહેવું ? એ તો સર્વોપરી જ છે એમ સમજવું, અને બ્રહ્મરૂપ તો એમ થવાય છે જે, આવા સાધુને બ્રહ્મરૂપ જાણીને મન, કર્મ, વચને તેનો સંગ કરે છે તે બ્રહ્મરૂપ થાય છે.' - 'આવો થાય છે ત્યારે પુરુષોત્તમની સેવામાં રહેવાય છે.'

**સમજૂતિ :** આત્માનંદ સ્વામી મહારાજના ગુરુભાઈ મહારાજનું સ્વરૂપ સમજવામાં કસર રહી ગઈ હતી. તેથી વચનામૃતની સાખે ગુણાતીતાનંદ સ્વામીએ ઉપાસના સંબંધી ઘણી વાતો કરીને તેનાથી મહારાજના સ્વરૂપનો યથાર્થ નિશ્ચય થયો અને ગુણાતીતાનંદ સ્વામીનો પણ મહિમા સમજાયો. આમ ઉપાસનાની શુદ્ધ સમજણ જ્યારે પાકી થાય ત્યારે અક્ષરધામમાં જવાય. ઉપાસના પાકી કર્યા વગર જો દેહ પડી જાય તો બીજા લોકમાં જવાય પણ અક્ષરધામમાં તો ન જવાય.

૩. **બકરીને કોટે અમૂલ્ય ચંદ્રકાન્ત મણિ હોવા છતાં ભરવાડનો ભરવાડ રહ્યો. (૨૬/૧૧૧)**

**પ્રમાણ :** જેને એ વાતનું જ્ઞાન નહિ તેને આ વાત સમજાય નહિ. ને આ સત્સંગમાં તો અનંત પ્રહ્‌લાદ ને અનંત અંબરીષ ને પર્વતભાઈ જેવા અનંત છે, પણ સાધુના સમાગમ વિના જ્ઞાન થાય નહિ, ને જ્ઞાન થયા વિના એવો મહિમા જણાય નહિ, ને મહિમા જાણ્યા વિના સુખિયો થાય નહિ એમાં કાંઈ સંશય નથી.

**સમજૂતિ :** ભરવાડની પાસે અમૂલ્ય ચંદ્રકાન્ત મણિ હતો પણ તેનું જ્ઞાન ન હતું. જ્ઞાન ન હોવાથી તેનો મહિમા પણ ન સમજ્યો. ચમકતો સારો પથ્થર લાગ્યો. ભરવાડોનું ધન ઘેટાં-બકરાં. તે અમૂલ્ય મણિ બકરાની કોટે બાંધી દીધો. તેમ આપણને પણ આ મહારાજ પૂર્ણ પુરુષોત્તમ નારાયણ અને તેમનું પ્રગટ સ્વરૂપ સ્વામીશ્રી મળ્યા છે. પ્રાપ્તિ તો મોટી થઈ છે. પણ જોઈએ તેવું પૂરૂં જ્ઞાન ન હોવાથી તેનો આનંદ લઈ શકતા નથી. ભરવાડના ભરવાડ જ રહી જઈએ છીએ.

૪. **કીડી જેવા તુચ્છ જીવ સૂટકેસમાં બેસી જાય તો વગર સાધને પ્લેનમાં બેસી પરદેશ પહોંચી જાય. (૩૧/૧૧૩)**

**પ્રમાણ :** મચ્છરિયું તે ગરુડની ગતિ કેમ કરે ? ગરુડ પૃથ્વી ઉપર આવ્યો હોય ને તેની પાંખમાં મચ્છરિયું બેસી જાય તો કેટલો પ્રયાસ પડે ? - 'ગોપાળાનંદ સ્વામી ને મુક્તાનંદ સ્વામી તે તો ગરુડ જેવા છે, તેની પાંખમાં આપણે બેસી ગયા છીએ, માટે કાંઈ ચિંતા ન રાખવી.'

**સમજૂતિ :** કીડીની ગતિ નથી પણ તે સૂટકેસમાં બેસી જાય તો આરામથી વગર મહેનતે, વગર વીઝાએ પરદેશ પહોંચી જાય છે. તેમ આપણે પણ જો મોટાની પાંખમાં બેસી જઈએ તો અક્ષરધામમાં જવા માટે ઝાઝી મહેનત કરવી ન પડે.

❑ ❑ ❑